કેન્દ્ર સરકાર દ્વારા રચાયેલ નવું મંત્રી મંડળ



# E-COPY
## (July-2021)
## PART - 1

# વર્તમાન પ્રવાહો

: DATE :
01/07/2021 to 15/07/2021

પ્રધાનમંત્રી દ્વારા અમદાવાદ સાયન્સ સિટી ખાતે ત્રણ નવા પ્રોજક્ટનું લોકાર્પણ



નિપૂણ ભારત પહેલ યોજના

**N**ational
**I**nitiative for
**P**roficiency in Reading with
**U**nderstanding and
**N**umeracy
NIPUN BHARAT
(A National Mission on Foundational Literacy and Numeracy)



વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે
અત્યંત ઉપયોગી સાપ્તાહિક વર્તમાન પ્રવાહો

- GPSC-I/II
- GPSC-III
- નાયબ મામલતદાર
- PSI/ASI Constable
- તલાટી
- Bank
- SBI
- IBPS
- SSC
- Railway

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

## મહત્વના મુદ્દાઓ

❖ **તાજેતરમાં સંરક્ષણ મંત્રાલય દ્વારા SPARSH પ્રણાલિનો અમલ કર્યો છે.**

→ SPARSH નું આખું નામ System for Pension Administration Raksha છે.

→ સંરક્ષણ પેન્શનની મંજૂરી અને વિતરણ માટે સ્વચાલિતકરણ માટેની એકીકૃત સિસ્ટમ છે.

→ આ વેબ–આધારિત સિસ્ટમ પેન્શન દાવાઓ પર પ્રક્રિયા કરે છે અને પેન્શનને કોઈપણ બાહ્ય મધ્યસ્થી પર આધાર રાખ્યા વિના સંરક્ષણ પેન્શનરોના બેંક ખાતાઓમાં સીધા જમા કરે છે.

❖ **તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા 'સહકાર એ સમૃદ્ધિ' સહકારી આંદોલનને નવી દિશા આપવા માટે એક અલગ 'સહકાર મંત્રાલય' (Ministry of Co-operation) ની રચના કરી છે.**

→ આ મંત્રાલય સહકારી સંસ્થાઓ માટે વ્યવસાય કરવામાં સરળતા અને બહુ–રાજ્ય સહકારીના વિકાસને સક્ષમ બનાવવા માટેની પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવાનું કામ કરશે.

→ આ મંત્રાલયની રચના સાથે કેન્દ્ર સરકારમાં 41 મંત્રાલય થઈ જશે. નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને તેમના 2021ના કેન્દ્રીય બજેટ ભાષણમાં સહકારી મંડળીઓ માટે એક અલગ વહીવટી માળખું સ્થાપવાનો પ્રસ્તાવ સૌપ્રથમ રજૂ કર્યો હતો.

→ આ મંત્રાલયના મંત્રી તરીકે અમિત શાહની નિમણૂંક કરવામાં આવી છે. જેથી તેઓ આ મંત્રાલયના પ્રથમ મંત્રી બન્યા છે.

❖ **તાજેતરમાં વડાપ્રધાને કેન્દ્રીય મંત્રીમંડળમાં મોટા ફેરફાર કર્યા છે. આ વખતે કેબિનેટમાં ઘણા યુવા અને નવા મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે અને કેટલાક મંત્રીને કાઢવામાં આવ્યા છે.**

→ 7 જુલાઈના રોજ રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત શપથ ગ્રહણ સમારોહમાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે કેબિનેટ કક્ષાના 15 અને રાજ્યકક્ષાના 28 મંત્રીઓને શપથ ગ્રહણ કરાવ્યા હતા.

→ આ મંત્રી પરિષદમાં સૌથી વધુ ઉત્તરપ્રદેશના કુલ 7 મંત્રીઓનો સમાવેશ થયો છે. જ્યારે ઉત્તરપ્રદેશ બાદ બીજા ક્રમે ગુજરાત 5 અને ત્રીજા ક્રમે મહારાષ્ટ્ર અને પ.બંગાળના 4 મંત્રીઓનો સમાવેશ થયો છે.

→ ગુજરાતના શ્રી પરષોતમભાઈ રૂપાલા અને શ્રી મનસુખભાઈ માંડવિયા પહેલેથી જ રાજ્યકક્ષાના મંત્રી હતા, જેને કેબિનેટકક્ષાના મંત્રી તરીકે પ્રમોટ કરાયા છે. આ ઉપરાંત ગુજરાતમાંથી સુશ્રી દર્શનાબેન જરદૌસ, શ્રી દેવુંસિંહ ચૌહાણ અને ડૉ. મુંજપરા મહેન્દ્રભાઈનો સમાવેશ કરાયો છે.

→ પ્રધાનમંત્રીને વ્યકિતગત મંત્રાલય, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલય, અવકાશ વિભાગ, પરમાણુ ઊર્જા વિભાગ તથા તમામ નીતિવિષયક મહત્વપૂર્ણ મુદ્દાઓ અને અન્ય મંત્રીશ્રીઓને ન ફાળવાયેલા તમામ ખાતા :

| કેબિનેટ મંત્રીશ્રીઓ | | |
|---|---|---|
| 1 | શ્રી રાજનાથ સિંહ | સંરક્ષણ મંત્રાલય |
| 2 | શ્રી અમિત શાહ | ગૃહ મંત્રાલય, નવા સહકારી મંત્રાલયોનો હવાલો |
| 3 | શ્રીમતી નિર્મલા સિતારામન | નાણા અને કોર્પોરેટ બાબતો |
| 4 | શ્રી નરેન્દ્રસિંહ તોમર | કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય |
| 5 | ડૉ. એસ. જયશંકર | વિદેશ મંત્રાલય |
| 6 | શ્રી નીતિન ગડકરી | માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય |
| 7 | શ્રીમતી સ્મૃતિ ઈરાની | મહિલા અને બાળવિકાસ મંત્રાલય |
| 8 | શ્રી અર્જુન મુંડા | આદિવાસી બાબતો |
| 9 | શ્રી ધર્મેન્દ્ર પ્રધાન | શિક્ષણ મંત્રાલય અને કૌશલ વિકાસ મંત્રાલય |
| 10 | શ્રી પિયૂષ ગોયલ | વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય, ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય, કાપડ મંત્રાલય |
| 11 | શ્રી મુખ્તાર અબ્બાસ નકવી | લઘુમતી બાબતોનું મંત્રાલય |
| 12 | શ્રી ગિરિરાજ સિંહ | ગ્રામિણ વિકાસ મંત્રાલય, પંચાયતી રાજ મંત્રાલય |
| 13 | શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા | નાગરિક અને ઉડ્ડયન મંત્રાલય |
| 14 | શ્રી અશ્વિની વૈષ્ણવ | રેલ્વે મંત્રાલય, સંચાર મંત્રાલય, ઈલેકટ્રોનિકસ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય |
| 15 | શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત | જળશકિત મંત્રાલય |
| 16 | શ્રી કિરેન રિજજુ | કાયદા અને ન્યાય મંત્રાલય |
| 17 | શ્રી મનસુખ માંડવિયા | આરોગ્ય મંત્રાલય અને રસાયણ – ખાતર મંત્રાલય |
| 18 | શ્રી હરદિપસિંઘ પુરી | પેટ્રોલિયમ મંત્રાલય અને આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય |
| 19 | શ્રી આર.કે.સિંઘ | ઊર્જા મંત્રાલય અને ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી મંત્રાલય |
| 20 | શ્રી પશુપતિ કુમાર પારસ | ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રી મંત્રાલય |
| 21 | શ્રી રામચંદ્ર પ્રસાદ સિંઘ | સ્ટીલ મંત્રાલય |
| 22 | ડૉ.વિરેન્દ્ર કુમાર | સામાજિક ન્યાય અને સશકિતકરણ મંત્રાલય |
| 23 | શ્રી સર્બાનંદ સોનવાલ | બંદર – શિપિંગ – જળમાર્ગ મંત્રાલય, આયુષ મંત્રાલય |
| 24 | શ્રી નારાયણ રાણે | MSME મંત્રાલય |
| 25 | શ્રી પ્રહલાદ જોશી | સંસદીય બાબતો, કોલસા અને ખાણ મંત્રાલય |

| | | |
|---|---|---|
| 26 | શ્રી ભૂપેન્દ્ર યાદવ | પર્યાવરણ અને વન મંત્રાલય, શ્રમ અને રોજગાર મંત્રાલય |
| 27 | શ્રી મહેન્દ્રનાથ પાંડે | ભારે ઉદ્યોગોનું મંત્રાલય |
| 28 | શ્રી પરષોત્તમ રૂપાલા | પશુપાલન, મત્સ્ય અને ડેરી મંત્રાલય |
| 29 | શ્રી જી.કિશન રેડ્ડી | સંસ્કૃતિ મંત્રાલય, પ્રવાસન, ઉત્તરપૂર્વ ભારત વિકાસ મંત્રાલય |
| 30 | શ્રી અનુરાગ ઠાકુર | માહિતી અને પ્રસારણ, યુવા બાબતો અને રમત મંત્રાલય |
| | **રાજયકક્ષાના મંત્રીશ્રીઓ (સ્વતંત્ર હવાલો)** | |
| 1 | શ્રી રાવ ઈન્દ્રજિત સિંહ | સ્ટેટિસ્ટિકસ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન, પ્લાનિંગ અને કોર્પોરેટ મંત્રાલયનો સ્વતંત્ર હવાલો |
| 2 | ડો. જિતેન્દ્ર સિંહ | સાયન્સ એન્ડ ટેકનોલોજી, અર્થસાયન્સિઝ, પર્સોનલ, એટેમિક એનર્જી અને સ્પેસ મંત્રાલયો |
| | **રાજયકક્ષાના મંત્રીશ્રીઓ** | |
| 1 | શ્રીમતી મીનાક્ષી લેખી | વિદેશ બાબતોનું મંત્રાલય, સાંસ્કૃતિક મંત્રાલય |
| 2 | શ્રી વી. મુરલીધરન | વિદેશ બાબતો અને સંસદીય બાબતોના મંત્રાલય |
| 3 | શ્રીમતી દર્શના વિક્રમ જરદેસ | કાપડ મંત્રાલય અને રેલ્વે મંત્રાલય |
| 4 | શ્રી ભાનુપ્રતાપસિંહ વર્મા | MSME મંત્રાલય |
| 5 | સુશ્રી શોવા કરાન્જલજે | કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય |
| 6 | શ્રી રાજીવ ચંદ્રશેખર | કૌશલ વિકાસ મંત્રાલય, ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલય |
| 7 | શ્રી એસ.પી.સિંહ બઘેલ | કાયદા અને ન્યાય મંત્રાલય |
| 8 | શ્રીમતી અનુપ્રિયા સિહ પટેલ | વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય |
| 9 | શ્રી પંકજ ચૌધરી | નાણા મંત્રાલય |
| 10 | શ્રી નિત્યાનંદ રાય | ગૃહ મંત્રાલય |
| 11 | શ્રી શ્રીપદ યેસ્સો નાઈક | બંદર, શિપિંગ અને જળમાર્ગ, પ્રવાસન મંત્રાલય |
| 12 | શ્રી ફગ્ગનસિંહ કુલત્સે | સ્ટિલ મંત્રાલય, ગ્રામિણ વિકાસ મંત્રાલય |
| 13 | શ્રી પ્રહલાદસિંહ પટેલ | જળશકિત મંત્રાલય, ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ મંત્રાલય |
| 14 | શ્રી અશ્વિની કુમાર ચૌબે | ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય, પર્યાવરણ અને વન મંત્રાલય |
| 15 | શ્રી અર્જુન મેઘવાલ | સંસદીય બાબતોનું મંત્રાલય, સાંસ્કૃતિક મંત્રાલય |
| 16 | જનરલ વી.કે.સિંઘ | માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય, નાગરીક ઉડ્ડયન મંત્રાલય |
| 17 | શ્રી કિશન પાલ | ઊર્જા મંત્રાલય અને ભારે ઉદ્યોગોનું મંત્રાલય |
| 18 | શ્રી દાનવે રાવસાહેબ દાદારાવ | રેલ્વે મંત્રાલય, કોલસા અને ખાણ મંત્રાલય |
| 19 | શ્રી રામદાસ આઠવલે | સામાજિક ન્યાય અને સશકિતકરણ મંત્રાલય |
| 20 | સાધવી નિરંજન જ્યોતિ | ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય, ગ્રામિણ વિકાસ મંત્રાલય |
| 21 | શ્રી સંજીવ કુમાર બાલિયાન | પશુપાલન, મત્સ્ય પાલન અને ડેરી મંત્રાલય |
| 22 | દેવુસિંહ ચૌહાણ | સંચાર મંત્રાલય |
| 23 | શ્રી ભગવન્થ ખુબા | નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા તથા રસાયણ અને ખાતર મંત્રાલય |
| 24 | શ્રી કપિલ મોરેશ્વર પાટિલ | પંચાયતીરાજ મંત્રાલય |
| 25 | સુશ્રી પ્રતિમા ભૌમિક | સામાજિક ન્યાય અને સશકિતકરણ મંત્રાલય |
| 26 | ડો. સુભાષ સરકાર | શિક્ષણ મંત્રાલય |
| 27 | ડો. ભગવત કિશનરાઓ કરાડ | નાણા મંત્રાલય |
| 28 | ડો. રાજનકુમાર રંજન સિંહ | વિદેશ તથા શિક્ષણ મંત્રાલય |
| 29 | ડો. ભારતી પ્રવીણ પવાર | આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય |
| 30 | શ્રી બિશ્વેશ્વર તાડુ | ટ્રાઈબલ તથા જળ શકિત મંત્રાલય |
| 31 | શ્રી શાંતનુ ઠાકુર | પોર્ટ, શિપિંગ અને વોટર વે મંત્રાલય |
| 32 | ડો. મુંજપરા મહેન્દ્રભાઈ | મહિલા અને બાળ કલ્યાણ તથા આયુષ મંત્રાલય |
| 33 | શ્રી જ્હોન બર્લો | લઘુમતી બાબતો |
| 34 | શ્રી એલ. મુરુગન | મત્સ્ય, પશુપાલન, ડેરી તથા માહિતી અને પ્રસારણ મંત્રાલય |
| 35 | શ્રી નિશીથ પ્રમાણિક | ગૃહ તથા યુવા અને રમત ગમત મંત્રાલય |
| 36 | શ્રી ઓમ પ્રકાશ | વાણિજ્ય ઉદ્યોગ |
| 37 | શ્રીમતી રેણુકાસિંહ સુરતા | આદિવાસી બાબતોનું મંત્રાલય |
| 38 | શ્રી રામેશ્વર તેલી | પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય, શ્રમ મંત્રાલય |
| 39 | શ્રી કૈલાસ ચૌધરી | કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય |
| 40 | શ્રીમતી અન્નપૂર્ણા દેવી | શિક્ષણ મંત્રાલય |
| 41 | શ્રી એ.નારાયણ સ્વામી | સામાજિક ન્યાય અને સશકિતકરણ મંત્રાલય |
| 42 | શ્રી કૌશલ કિશોર | આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય |

Banking Academy

| | | |
|---|---|---|
| 43 | શ્રી અજય ભટ્ટ | સંરક્ષણ અને પ્રવાસન |
| 44 | શ્રી બી.એલ.વર્મા | સહકાર અને ઉત્તર પૂર્વ ભારત વિકાસ મંત્રાલયો |
| 45 | શ્રી અજય કુમાર | ગૃહ મંત્રાલય |

❖ **ભારતીય જીવન વીમા નિગમ (LIC) એક્ઝિક્યુટિવ ચેરમેનને બદલે મેનેજિંગ ડિરેક્ટર (MD) અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) ના પદ બનાવશે.**

→ આ ફેરફારો મેગા ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (IPO)ની શરૂઆતની પૃષ્ટભૂમિમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે.

→ જાહેર ક્ષેત્રના બેન્કિંગ ઉદ્યોગની તર્જ પર હવે ચેરમેનના બદલે CEO હશે. નાણાં મંત્રાલય હેઠળ નાણાંકીય સેવાઓ વિભાગ દ્વારા ભારતીય જીવન વીમા નિગમ (કર્મચારી) પેન્શન (સુધારા)ના નિયમોમાં સુધારો કરીને આ ફેરફાર કરવામાં આવ્યા છે.

→ LIC એક્ટ, 1956 હેઠળ કેટલાક અન્ય નિયમોમાં પણ સુધારો કરવામાં આવ્યો છે.

→ આ સુધારા પછી LICનું સંચાલન હવે કંપની અધિનિયમ અને સેબી એક્ટ દ્વારા કરવામાં આવશે.
નોંધ : CEO અને MD ની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા LIC એક્ટ, 1956 ની કલમ 4 હેઠળ કરવામાં આવશે.

❖ **કેન્દ્ર સરકારે એલઆઈસીના અધ્યક્ષની નિવૃત્તિ વય વધારીને 62 વર્ષ કરી છે.**

→ ભારતીય જીવન વીમા નિગમ (સ્ટાફ) રેગ્યુલેશન્સ, 1960માં સુધારો કરીને નિવૃત્તિ વયમાં સુધારો કરવામાં આવ્યો છે.

→ નિયમોમાં કરવામાં આવેલા ફેરફારને "ભારતીય જીવન વીમા નિગમ (કર્મચારી) સુધારણા નિયમો, 2021" કહેવામાં આવશે.

→ SBI સિવાય મોટા ભાગના પીએસયુના ટોચના અધિકારીઓ માટે નિવૃત્તિ વય 60 વર્ષ છે.

❖ **ન્યાય વિભાગે 29 જૂન, 2021ના રોજ એક "એન્ફોર્સિંગ કોન્ટ્રાક્ટ્સ પોર્ટલ" શરૂ કર્યું છે.**

→ ન્યાય ખાતાએ આ પોર્ટલ ભારતભરમાં વેપાર કરવામાં સરળતાને પ્રોત્સાહન આપવા અને 'કોન્ટ્રાક્ટ એન્ફોર્સમેન્ટ રેજીમ' સુધારવાનાં ઉદ્દેશ્યથી શરૂ કર્યું છે.

→ આ પોર્ટલ દિલ્હી, કોલકાતા, મુંબઈ અને બેંગલુરુના સમર્પિત વ્યાપારી અદાલતોમાં વ્યાપારી બાબતોને લગતી નવીનતમ માહિતીની સરળ એક્સેસ આપશે.

→ વ્યવસાયિક વિવાદોના ઝડપી નિરાકરણ માટે અને સમર્પિત માળખાગત અને વિશિષ્ટ ન્યાયિક માનવ શક્તિનો દાવો કરવા માટે સમર્પિત વ્યાપારી અદાલતોની સ્થાપના કરવામાં આવી છે.

→ તે વ્યાપારી કાયદાઓના ભંડારની પણ એક્સેસ પ્રદાન કરશે. કરારના ધોરણોના અમલીકરણ પર હાથ ધરાયેલી કાયદાકીય અને નીતિ સુધારણા અંગેની માહિતીના વિસ્તૃત સ્ત્રોત તરીકે સેવા આપવા માટે પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.

❖ **ભારે ઉદ્યોગ અને જાહેર ઉદ્યોગોના મંત્રી, પ્રકાશ જાવડેકરે ઈન્દોરના પીઠમપુર સ્થિત એશિયાના સૌથી લાંબા હાઈ સ્પીડ પરીક્ષણ ટ્રેકનું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ નેશનલ ઓટોમોટિવ ટેસ્ટ ટ્રેક્સ (NATREX) સુવિધા 11.3 કિમીની લંબાઈ ધરાવે છે અને તે ઓટોમોબાઈલ કંપનીઓ માટે ઓટોમોટિવ એન્ડ કમ્પોનેન્ટ પરીક્ષણ સુવિધા પ્રદાન કરશે.

→ આ હાઈસ્પીડ ટ્રેકનો ઉપયોગ હાઈ–એન્ડ (High-End) કારો જેવી કે બીએમડબલ્યુ, મર્સીડિઝ વગેરેની ગતિની ક્ષમતાને માપવા માટે ઉપયોગ થશે.

→ આ ટ્રેક એશિયાનો સૌથી લાંબો અને વિશ્વનો પાંચમો સૌથી લાંબો ટ્રેક છે.

❖ **તાજેતરમાં CBSE અને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) એ છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓ માટે નાણાકીય સાક્ષરતા અભ્યાસક્રમ શરૂ કરવા ભાગીદારી કરી છે.**

→ નવી વૈકલ્પિક 'નાણાકીય સાક્ષરતા' થીમના ભાગ રૂપે તેને શરૂ કરવામાં આવ્યો છે જે વિદ્યાર્થીઓને તેમના શિક્ષણના પ્રારંભિક તબક્કે મૂળભૂત નાણાકીય ખ્યાલોને સમજી શકશે.

→ આ પાઠયપુસ્તકમાં નાણાકીય જાગરૂકતા સંબંધિત મહત્વપૂર્ણ વિષયોને સમાવેશ કરવામાં આવ્યો છે.

→ તે ટીમવર્ક અને કાર્ડ, યુપીઆઈ, વોલેટ વગેરે સહિતના બેંકિંગ, સુરક્ષા અને ડિજિટલ ચૂકવણી પદ્ધતિઓની મૂળ આર્થિક ખ્યાલોને આવરી લે છે.

❖ **વડાપ્રધાનની અધ્યક્ષતાવાળી કેન્દ્રીય કેબિનેટે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) મોડ હેઠળ ભારતનેટની સુધારેલી અમલીકરણ વ્યૂહરચનાને મંજૂરી આપી હતી.**

→ આ પ્રોજેક્ટ ભારતના 16 રાજયોમાં લાગુ કરવામાં આવશે. સુધારેલી દરખાસ્ત હેઠળ ભારતનેટ હવે ગ્રામ પંચાયતો ઉપરાંત તમામ વસ્તીવાળા ગામોમાં વિસ્તૃત થશે.

→ સુધારેલી વ્યૂહરચનામાં અનુદાન, સુધારણા, કામગીરી, જાળવણી અને છૂટછાટ દ્વારા ભારતનેટનો ઉપયોગ પણ શામેલ છે.

→ છૂટ આપનારની પસંદગી એક સ્પર્ધાત્મક આંતરરાષ્ટ્રીય બિડિંગ પ્રક્રિયા દ્વારા કરવામાં આવશે.

→ ભારતનેટ પીપીપી મોડેલ માટે મંજૂર થયેલ મહત્તમ વાયેબિલીટી ગેપ ફંડિંગ રૂ.19,041 કરોડ છે.

→ કેબિનેટ દ્વારા બાકીના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ વસ્તીવાળા ગામોને આવરી લેવા માટે ભારતનેટના વિસ્તરણને પણ મંજૂરી આપવામાં આવી

→ ટેલિકોમ વિભાગ બાકીના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સીસ્ટમ પર અલગથી કામ કરશે.

→ કેબિનેટની મંજૂરી હેઠળ જે રાજ્યો આવે છે તેમાં કેરળ કર્ણાટક રાજસ્થાન, પંજાબ, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, હરિયાણા, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, મેઘાલય, આસામ, મણિપુર, મિઝોરમ, નાગાલેન્ડ, ત્રિપુરા અને અરુણાચલ પ્રદેશનો સમાવેશ થાય છે. ગ્રામ પંચાયતો સહિત આશરે 3.61 લાખ ગામોને આવરી લેવામાં આવશે.

❖ **તાજેતરમાં સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને 'વન નેશન વન રેશનકાર્ડ' સિસ્ટમ લાગુ કરવા નિર્દેશ આપ્યો છે.**

→ 'વન નેશન વન રેશનકાર્ડ' યોજનાનો ઉદ્દેશ સ્થળાંતર કામદારો અને તેમના કુટુંબના સભ્યોને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ, 2013 હેઠળ દેશમાં કયાંય પણ વ્યાજબી ભાવની દુકાનમાંથી સબસિડીવાળા રેશનની ચીજો ખરીદવા માટે સક્ષમ બનાવવાનો છે.

→ આ યોજના ઓગષ્ટ, 2019માં શરૂ કરવામાં આવી હતી.

❖ **જહાજ મંત્રાલયે 30 જૂન, 2021ના રોજ ગ્રીન ફ્રેઈટ કોરિડોર–2 અંતર્ગત પ્રથમ સફર શરૂ કરી હતી.**

→ ગ્રીન ફ્રેઈટ કોરિડોર–2 એ તટીય શિપિંગ સેવા છે. આ પ્રવાસની શરૂઆત કોચીન બંદરથી ઉત્તર કેરળમાં સ્થિત બેપોર અને અઝિકલ બંદરો સુધી કરવામાં આવી હતી.

→ દરિયાકાંઠાના વેપારને પ્રોત્સાહન આપીને મોટા અને નાના બંદરો વચ્ચે જોડાણ અને સુમેળ સુધારવા માટેની મંત્રાલયની યોજનાને અનુરૂપ પ્રથમ મુસાફરી સેવા શરૂ કરવામાં આવી હતી.

→ તેનો ઉદ્દેશ ઈંટરમોડલ અને સસ્ટેનેબલ ગ્રાહક સોલ્યુશન્સ ઉભું કરવું તેમજ જળમાર્ગોના ઉપયોગમાં સુધારો કરવો અને માર્ગ અને રેલ્વે ટ્રાફિકમાં કાપ મુકવો જેથી લોજિસ્ટિકસ ખર્ચ ઘટશે.

→ આ પ્રથમ મુસાફરીનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ કર્યું હતું. તેનું ઉદ્‌ઘાટન મુંબઈ સ્થિત રાઉન્ડ ધ કોસ્ટ પ્રા.લિ. દ્વારા સંચાલિત સેવાના ભાગ રૂપે કરવામાં આવ્યું હતું. આ નવી શરૂ થયેલી સેવા કોચીનને પ્રારંભિક તબક્કામાં બેપોર–અઝિકલ અને પછીના તબક્કામાં કેરળના કોલ્લમ બંદરો સાથે જોડશે.

❖ **તાજેતરમાં કાયદા મંત્રાલયે આવશ્યક સંરક્ષણ સેવાઓ વટહુકમ (Essential Defence Service Ordinance) ને અધિસૂચિત કર્યો.**

→ આ વટહુકમમાં આવશ્યક સંરક્ષણ સેવાઓમાં રોકાયેલા કર્મચારીઓને કોઈપણ આંદોલન અથવા હડતાલમાં ભાગ લેવા પર પ્રતિબંધ છે.

→ નોંધનીય છે કે 76,000 કર્મચારીઓ ધરાવતા ઓર્ડનન્સ ફેકટરી બોર્ડ (OFB) સાથે જોડાયેલા મુખ્ય સંઘોની પૃષ્ઠભૂમિમાં એસેન્શિયલ ડિફેન્સ સર્વિસીઝ ઓર્ડિનન્સ 2020 નોટિસ આપવામાં આવી હતી, જેમણે જાહેરાત કરી હતી કે તેઓ 26 જુલાઈએ OFB ના જોડાણના સરકારના નિર્ણયનો વિરોધ કરશે. અનિશ્ચિત હડતાલ પર ઉતરશે.

→ આ વટહુકમ હેઠળ હડતાલને ગેરકાયદેસર બનાવવામાં આવી છે આ જોગવાઈઓ મુજબ, કોઈપણ વ્યકિત જે હડતાલની શરૂઆત કરે છે અથવા આવી હડતાલમાં ભાગ લે છે તેને એક વર્ષ સુધીની મુદત માટે અથવા તો દંડ 10,000 સુધી અથવા બંને સાથે સજા થઈ શકે છે.

→ જે વ્યકિત હડતાલમાં ભાગ લેવા અન્ય લોકોને રજા આપે છે અથવા ગેરહાજર રહે છે તેને પણ બે વર્ષ સુધીની સજા સંભળાવી શકાય છે જેની મુદત બે વર્ષ સુધીની થઈ શકે છે અને દંડ પણ થઈ શકે છે.

→ આ વટહુકમ હેઠળ સમાવિષ્ટ થયા પછી પણ OFB કર્મચારીઓની સેવાની સ્થિતિમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં આ નિર્ણયનો હેતુ ભારતના સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રને વેગ આપવાનો છે.

→ આ સૂચના અનુસાર સંરક્ષણ ઉપકરણો, સેવાઓ અને કામગીરીના ઉત્પાદનમાં સામેલ કર્મચારીઓ, સૈન્ય સાથે જોડાયેલા ઔદ્યોગિક મથકોની જાળવણી અને સંરક્ષણ ઉત્પાદનોની સમારકામ અને જાળવણી આ વટહુકમના કાર્યક્ષેત્ર હેઠળ આવશે.

❖ **કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે ફસલ બીમા યોજના માટે 'પાક વીમા જાગૃતિ અભિયાન' શરૂ કર્યું છે. જે પાક વીમા સપ્તાહ દરમિયાન શરૂ કરાઈ હતી.**

→ દરેક ખેડૂતને સુરક્ષા કવચ પૂરા પાડવાના ઉદ્દેશ્યથી ફસલ બીમા યોજના શરૂ કરવામાં આવી હતી.

→ નરેન્દ્રસિંહ તોમરે એવી પણ જાહેરાત કરી હતી કે, આ યોજના હેઠળ અત્યાર સુધીમાં 95 હજાર કરોડ ખેડૂતોના દાવાની ચૂકવણી કરવામાં આવી છે.

→ રાજ્ય સરકારો અને વીમા કંપનીઓએ આ યોજનાને અમલમાં લાવવામાં મહત્વની ભૂમિકા નિભાવી છે.

→ છેલ્લા ચાર વર્ષમાં, ખેડૂતો દ્વારા રૂ. 17 હજાર કરોડનું પ્રીમિયમ જમા કરાયું હતું, જેની સામે દાવા તરીકે આશરે 95 હજાર કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે.

❖ **કેન્દ્ર સરકાર 5 જુલાઈ, 2021 ના રોજ "નિપૂણ ભારત પહેલ" નામની નવી યોજના શરૂ કરવા જઈ રહી છે.**

→ તે પ્રારંભિક તબક્કાના વિદ્યાર્થીઓ માટે સંખ્યા, મૂળભૂત વાંચન અને સમજણ સુધારવા માટે શરૂ કરવામાં આવશે.

→ NIPUN એટલે "National Initiative for Proficiency in reading with Understanding and Numeracy".

→ જે સુનિશ્ચિત કરશે કે દરેક બાળક વર્ષ 2026-27 સુધીમાં ગ્રેડ 3 ના અંત સુધીમાં વાંચન, લેખન અને અંકગણિત શીખવાની ક્ષમતા પ્રાપ્ત કરશે.

→ આ પહેલ શાળા શિક્ષણ કાર્યક્રમ 'સમગ્ર શિક્ષા'ના ભાગ રૂપે હશે.

→ કેન્દ્ર સરકારના શાળા શિક્ષણ વિભાગ દ્વારા NIPUN ભારત પહેલનો અમલ કરવામાં આવશે. આના અમલ માટે તમામ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા, બ્લોક અને શાળાના સ્તરે પાંચ–સ્તરના અમલીકરણ મિકેનિઝમની સ્થાપના કરવામાં આવશે.

→ મૂળભૂત શિક્ષણ ભારતીય શાળાઓમાં એક ખામી છે. એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટના તારણો મુજબ, મોટાભાગના ભારતીય વિદ્યાર્થીઓ, જેઓ વર્ષોથી સતત શાળામાં અભ્યાસ કરે છે, તેઓ મૂળભૂત અંકગણિતને વાંચી અથવા સમજી શકતા નથી. આ મુદ્દાને હલ કરવા માટે આ પહેલ શરૂ કરવામાં આવી હતી. આ યોજના નવી શિક્ષણ નીતિને અનુરૂપ છે.

❖ **જમ્મુમાં ભારતીય વાયુસેના (IAF) સ્ટેશન પર ડ્રોન હુમલા બાદ, વાયુસેનાએ ભવિષ્યમાં સરહદી વિસ્તારોમાં આવા હુમલાઓ અટકાવવા માટે 10 એન્ટ્રી ડ્રોન સિસ્ટમ ખરીદવાનો નિર્ણય લીધો છે.**

→ વાયુસેનાએ Counter Unarmed Aircraft System (CUAS) માટે ભારતીય વિક્રેતાઓ પાસેથી Request for Information (RFI) જાહેર કરી

→ Counter Unarmed Aircraft System (CUAS) દુશ્મન ડ્રોનનો નાશ કરવા માટે લેસર–ડિરેકટેડ ઊર્જા શસ્ત્રોથી સજ્જ કરી શકાય છે.

❖ **કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું છે કે ભારતે આંતરરાષ્ટ્રીય ફિલ્મ નિર્માતાઓ માટે એક સહાયતા કેન્દ્ર શરૂ કર્યું છે, જેમાં બધી મંજૂરીઓ એક સાથે આપવામાં આવશે.**

→ 74 માં કાન્સ ફિલ્મ મહોત્સવમાં ઈન્ડિયા પેવેલિયનને ખુલ્લુ મૂકતા, શ્રી જાવડેકરે આશા વ્યકત કરી કે સમગ્ર વિશ્વ વહેલી તકે કોરોના મહામારીમાંથી બહાર આવશે અને લોકો ટૂંક સમયમાં સિનેમાગૃહોમાં પાછા આવશે. સતત બીજા વર્ષે આ પ્રદર્શન વર્ચ્યુઅલ માધ્યમથી યોજાઈ રહ્યું છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે ભારતનું પેવેલિયન એ સિનેમા જગતના ભવિષ્ય માટે ચર્ચા કરવા માટેનું કેન્દ્ર બનશે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાવાળી કેન્દ્રીય કેબિનેટે (National AYUSH Mission – NAM) ને ચાલુ રાખવાની મંજૂરી આપી.**

→ NAM એ કેન્દ્રિય પ્રાયોજિત યોજના છે જેનો સમયગાળો 01-04-2021 થી વધારીને 31-03-2026 કરવામાં આવ્યો છે.

→ કુલ આર્થિક સંકલ્પ રૂ. 4607.30 કરોડ થશે. 3000 કરોડ કેન્દ્રનો હિસ્સો હશે અને 1607.30 કરોડ રૂપિયા રાજયનો હિસ્સો હશે.

→ આ યોજના 15 સપ્ટેમ્બર 2014 ના રોજ શરૂ કરવામાં આવી હતી.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાવાળી કેન્દ્રીય કેબિનેટે કોકિંગ કોલસામાં સહયોગ અંગે ભારત અને રશિયા વચ્ચેના સમજૂતી પત્ર (MoU) ને મંજૂરી આપી.**

→ કોકિંગ કોલસાનો ઉપયોગ સ્ટીલ બનાવવા માટે કરવામાં આવે છે. સ્ટીલ મંત્રાલય (ભારત) અને ઊર્જા મંત્રાલય (રશિયા) વચ્ચે સમજૂતી પત્ર પર હસ્તાક્ષર થયા છે.

→ આ MoU થી સ્ટીલ ઈનપુટ કોસ્ટને ઘટાડીને સમગ્ર સ્ટીલ ક્ષેત્રને લાભ થશે.

→ સ્ટીલની કિંમત ઘટાડશે અને ઈકિવટી અને સમાવેશીતાને પ્રોત્સાહન આપશે.

→ MoU કોકિંગ કોલસા ક્ષેત્રમાં સહયોગ માટે સંસ્થાકીય મિકેનિઝમ પ્રદાન કરશે.

→ MoUનો ઉદ્દેશ સ્ટીલ ક્ષેત્રમાં ભારત અને રશિયા વચ્ચે સહયોગ વધુ મજબૂત કરવાના હેતુ સાથે MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. સહયોગમાં સામેલ પ્રવૃત્તિઓનો હેતુ કોકિંગ કોલસાના સ્ત્રોતને વૈવિધ્યકરણ કરવાનો છે.

## આંતરરાજ્ય

❖ **તાજેતરમાં કેરળમાં ઝિકા વાયરસ રોગનો પ્રથમ કેસ નોંધાયો હતો.**

→ રાજ્યમાં COVID-19 કેસોમાં ઉછાળા વચ્ચે, કેરળએ મચ્છર જન્ય વાયરલ ચેપ, ઝીકા વાયરસના તેના પ્રથમ કેસની સત્તાવાર પુષ્ટિ કરી છે.

→ ઝિકા વાયરસ એ મચ્છર જન્ય રોગ છે જેની ઓળખ પ્રથમ વખત વર્ષ 1947માં યુગાન્ડામાં વાંદરાઓમાં કરવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ 1952 માં યુગાન્ડા અને યુનાઈટેડ રિપબ્લિક ઓફ તાંઝનિયામાં માણસોમાં તેમની ઓળખ થઈ હતી. ઝિકા વાયરસ રોગ મુખ્યત્વે એડીસ મચ્છર દ્વારા ફેલાયેલા વાયરસથી થાય છે.

→ ઝિકા વાયરસના લક્ષણો સામાન્ય રીતે હળવા હોય છે. તેમાં તાવ આવવો, ફોલ્લીઓ, નેત્રસ્તર દાહ, સ્નાયુ અને સાંધાનો દુખાવો, અસ્વસ્થા અથવા માથાનો દુખાવો થાય છે. આ વાયરલ ચેપ સગર્ભા સ્ત્રીઓમાં ગર્ભના વિકાસને પણ ગંભીર રીતે નુકસાન પહોંચાડે છે.

❖ **કર્ણાટકની મલ્લેશ્વરમની એક સરકારી ઉચ્ચ શાળા સેટેલાઈટ પ્રક્ષેપણ કાર્યક્રમનો ભાગ બનનારી દેશની પ્રથમ સરકારી શાળા બનવાની તૈયારીમાં છે.**

→ મલ્લેશ્વરમ સ્કૂલના વિદ્યાર્થીઓ 75માં સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગ રૂપે 75 ઉપગ્રહોના લોંચિંગમાં ભાગ લેશે.

→ આ ભારતીય ટેકનોલોજી કોંગ્રેસ એસોસિએશન અને ઈસરોની સહાયથી કરવામાં આવશે.

❖ **તાજેતરમાં તમિલનાડુ સરકારે તેના સત્તાવાર પત્રવ્યવહારમા 'કેન્દ્ર સરકાર' શબ્દના ઉપયોગને બંધ કરી અને તેની જગ્યાએ 'સંઘ સરકાર' શબ્દનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો છે.**

→ સામાન્ય રીતે ભારતમાં 'સંઘ સરકાર' અથવા 'કેન્દ્ર સરકાર' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. જો કે, બંધારણ સભાના મૂળ બંધારણના 22 ભાગોમાં 395 અનુચ્છેદો અને આઠ અનુસૂચિઓ વાંચ્યા પછી કહી શકાય કે 'કેન્દ્ર' અથવા 'કેન્દ્ર સરકાર' શબ્દ કયાંય વપરાયેલ નથી.

❖ **તાજેતરમાં જમ્મુ–કાશ્મીરની બે રાજધાનીઓ શ્રીનગર અને જમ્મુ વચ્ચે દર છ મહિને થતી 'દરબાર મૂવ'ની 149 વર્ષ જૂની પ્રથાને બંધ કરવામાં આવી છે.**

→ આ સાથે જમ્મુ–કાશ્મીર સરકારે 29 જૂનના રોજ કર્મચારીઓને ફાળવવામાં રહેઠાણ ફાળવણી પણ બંધ કરી દીધી હતી.

→ આ ઉપરાંત જમ્મુ–કાશ્મીરના ઉપરાજયપાલ શ્રી મનોજ સિન્હાએ જણાવ્યું હતું કે તંત્ર દ્વારા ઈ–ઓફિસનું કામ પૂરું કરી લેવામાં આવ્યું છે.

→ ડોગરા શાસક મહારાજા રણબીરસિંહે શરૂ કરેલી આ પ્રથા મુજબ મહારાજાનો દરબાર 6 મહિના માટે જમ્મુ અને 6 મહિના માટે શ્રીનગરમાં રાખવામાં આવતો હતો. જેની શરૂઆત તેમણે 1872માં કરી હતી.

→ ડોગરા શાસકોએ વર્ષ 1947 સુધી આ પ્રથા ચાલુ રાખી હતી. ત્યારબાદ વર્ષ 1947 પછી 'દરબાર'ના સ્થાને રાજધાની સ્થળાંતરની પ્રથા શરૂ કરી હતી. આ નિર્ણયથી હવે વર્ષમાં આશરે 600 કરોડ ખર્ચની બચત થશે.

❖ **તાજેતરમાં ભારતીય રેલ્વેએ કર્ણાટકના બેંગલુરુ રેલ્વે સ્ટેશન પર દેશનું પ્રથમ 'મૂવેબલ ફ્રેશ વોટર ટન એકવેરિયમ'ની સ્થાપના કરી.**

→ ક્રાંતિવીર સંગોલી રાયના રેલ્વે સ્ટેશન જેને બેંગલુરુ સિટી રેલ્વે સ્ટેશન તરીકે પણ ઓળખવામાં આવે છે, જે ભારતનું પ્રથમ એવુ રેલ્વે સ્ટેશન બની ગયું છે કે જેમાં મૂવેબલ ફ્રેશ વોટર ટનલ એકવેરિયમ છે. આ એકવેરિયમ (માછલી ઘર)માં 12 ફૂટ લાંબુ જલીય સામ્રાજ્ય છે. જેમાં અસંખ્ય વનસ્પતી અને પ્રાણી સૃષ્ટિ છે.

❖ **રશિયાએ 29 જૂન, 2021ના રોજ તમિલનાડુના કુડનકુલમ ખાતે પાંચમા પરમાણુ ઊર્જા એકમનું નિર્માણ શરૂ કર્યુ.**

→ આ વિકાસ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં મહત્વપૂર્ણ પગલું છે.

→ રોસાટોમ કુડનકુલમ પ્લાન્ટના નિર્માણ માટે તકનીકી પ્રદાન કરી રહી છે. આ પ્લાન્ટમાં છ યુનિટ્સનો સમાવેશ થાય છે અને તેની ઉત્પાદન ક્ષમતા 1,000 મેગાવોટ છે. આ ભારતનું પહેલું લાઈટ વોટર રિએકટર હશે.

GUJARAT POLICE

ગુજરાત સરકાર દ્વારા તાજેતર માં જાહેર થયેલ

# PSI / ASI



**1382*** જગ્યાઓ

પ્રાથમિક પરીક્ષા + મુખ્ય પરીક્ષા તેમજ શારીરિક ક્ષમતા કસોટી ની સંપૂર્ણ તૈયારી.

**300** થી વધુ વિદ્યાર્થીઓ નું PSI/ASI કોન્સ્ટેબલ માં Selections

- કાયદો (LAW)
- Gujarati
- સામાન્ય જ્ઞાન
- English

જેવા વિષયો ની સંપૂર્ણ મટીરીયલ્સ સાથે તૈયારી

## નવા વર્ગો ટૂંક સમય માં શરૂ

આજે જ Call કરો...




વધુ માહિતી માટે આજે જ આપની નજીક ની સંસ્થા ની **મુલાકાત** લો...

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

સુરત - HO (ઉધના) Ph. : 70466 33255

| વરાછા (સુરત) | વલસાડ | વ્યારા | નવસારી |
|---|---|---|---|
| Ph. : 70464 16555 | Ph. : 81401 37555 | Ph. : 90998 64658 | Ph. : 70466 41555 |

❖ **SDRF ની 1 લી બટાલિયનની 24 × 7 માનસિક આરોગ્ય હેલ્પલાઈન 'સુકૂન' નું ઉદ્‌ઘાટન શ્રીનગરમાં તેના મુખ્ય મથક ખાતે કરાયું હતું.**

→ અસ્વસ્થતા, હતાશા, તણાવ વગેરે અનુભવી રહેલા લોકોને માર્ગદર્શન આપવા માટે 'સુકુન' માનસિક આરોગ્ય હેલ્પલાઈન પહેલ (ટોલ ફ્રી નંબર 18001807159) છે.

→ તેની શરૂઆત મિશન યુથ જમ્મુ–કાશ્મીર અને પર્યટન વિભાગના સહયોગથી કરવામાં આવી છે.

❖ **આંધ્ર પ્રદેશ સરકારે પોતાની નવી 'AP Information Technology Policy 2021-24'ની જાહેરાત કરી.**

→ આ નીતિ આગામી ત્રણ વર્ષમાં 55,000 થી વધુ રોજગારી મેળવવાની ધારણા છે.

→ આ નીતિના અમલીકરણ માટે એક મજબૂત અને સાકલ્યવાદી વ્યવસાયિક વાતાવરણ બનાવવામાં આવશે.

→ આત્મનિર્ભરતા હાંસલ કરવા માટે આઈટી, ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન વિભાગને પણ મહેસૂલ કેન્દ્રમાં ફેરવાશે.

→ તે 65 લાખ પરોક્ષ રોજગાર પેદા કરશે અને એકંદર ઈકોસિસ્ટમ વિકાસની ખાતરી કરશે. આ નીતિ 31 માર્ચ, 2024 સુધી અમલમાં રહેશે.

→ આ નીતિ દ્વારા આંધ્રપ્રદેશને વિવિધ વેરાના રૂપમાં 10 વર્ષમાં 783 કરોડ રૂપિયાની આવક થશે. સીધી રોજગારથી વાર્ષિક રૂ.2,200 કરોડનું રોકાણ થાય તેવી પણ અપેક્ષા છે. આમ તે ગુણાત્મક અસર દ્વારા અર્થવ્યવસ્થાના એકંદર વિકાસને પ્રોત્સાહન આપશે.

→ નવી આઈટી પોલિસી પ્રોત્સાહક incentive disbursement ને સીધી રોજગારની પ્રાપ્તિ સાથે જોડે છે જે જાહેર ભંડોળનો પારદર્શક અને અસરકારક ઉપયોગ સુનિશ્ચિત કરે છે. તે પ્લગ એન્ડ પ્લે ઓફિસ સ્પેસ, રોકાણકારો અને સલાહકારોની એક્સેસ, સાહસ મૂડી અને ખાનગી ઈક્વિટી કંપનીઓ દ્વારા ભંડોળ જેવા સ્ટાર્ટ–અપ્સ માટે એન્ડ–ટુ–એન્ડ સપોર્ટ પૂરો પાડે છે.

→ આ નીતિ હેઠળ, સરકાર ઈન્ક્યુબેશન સેન્ટરો સ્થાપિત કરશે અને સ્ટાર્ટઅપ્સ માટે હેકાથોન અને વર્કશોપ ગોઠવશે. આઈટી અને અન્ય ઉભરતી તકનીકીઓમાં રાષ્ટ્રીય પ્રતિભા માટે રાજ્યને અગ્રણી ફાળો આપનાર તરીકે સરકાર વિશાખાપટ્ટનમમાં આઈટી ઈમર્જિંગ ટેકનોલોજીઓ સંશોધન યુનિવર્સિટીની સ્થાપના પણ કરશે.

❖ **કેન્દ્ર સરકારે હૈદરાબાદમાં એક નવી રસી પરીક્ષણ પ્રયોગશાળા સ્થાપવાની મંજૂરી આપી છે.**

→ કેન્દ્રિય ગૃહરાજ્યમંત્રી કિશન રેડ્ડીએ તેની જાહેરાત કરી હતી.

→ તેના માટે પીએમ કેયર્સ ફંડમાંથી ભંડોળ આપવામાં આવ્યું છે. આ પ્રયોગશાળા હૈદરાબાદ સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એનીમલ બાયોટેકનોલોજી સેન્ટરમાં સ્થાપિત કરાશે.

❖ **રાજસ્થાનમાં આદિજાતિની આવક અને વાંસ આધારિત અર્થવ્યવસ્થાને વધારવા ખાદી અને ગ્રામ ઉદ્યોગ પંચ (KVIC) ના ઉદીપુરના આદિવાસી ગામ નિકલા માંડવાથી એક અનોખો 'બોલ્ડ પ્રોજેક્ટ' શરૂ કરવામાં આવ્યો છે.**

→ આ માટે વાંસની ખાસ પ્રજાતિના 5000 રોપાઓ બાંસુસા તુલદા અને બામ્બુસા ખાસ રીતે આસામથી લાવવામાં આવેલા ગ્રામ પંચાયતની ખાલી શુષ્ક જમીન પર વાવેતર કરવામાં આવ્યા છે.

→ આ રીતે, KVIC એક જ જગ્યાએ વાંસના રોપાઓ એક જ સ્થળે રોપવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે.

→ Bold એટલે Bamboo Oasis on Lands in Drought

→ આ પ્રોજેક્ટ 'ખાદી અને ગ્રામ ઉદ્યોગ પંચ' KVIC દ્વારા શરૂ કરવામાં આવ્યો છે.

❖ **જમ્મુ–કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ 5 જુલાઈ 2021 ના રોજ શ્રીનગરના કાશ્મીર ગોલ્ફ કલબ ખાતે 'ગોલ્ફ ટ્રેનિંગ એકેડેમી'ની શરૂઆત કરી હતી.**

→ જેમાં, પ્રખ્યાત કોચ તાલીમ આપશે અને પ્રથમ બેચની શરૂઆત વિશ્વ વિખ્યાત ખેલાડી અને ભારતીય ટીમના કોચ અમનદીપ જોહલ દ્વારા કરવામાં આવી રહી છે.

❖ **કોચીન ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (CIAL) એ 'ઓપરેશન પ્રવહ' શરૂ કર્યું છે.**

→ આ એક મલ્ટી ડિસિપ્લિનરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોગ્રામ છે જેનો હેતુ CIAL દ્વારા જિલ્લા વહીવટીતંત્ર અને વિવિધ સ્થાનિક સરકારો દ્વારા પહેલેથી શરૂ કરાયેલ પૂર શમન યોજનાઓને એકીકૃત કરવાનો છે.

❖ **દિલ્હી મેટ્રો રેલ નિગમ (DMRC) એ 6 જુલાઈ, 2021 ના રોજ ભારતની પહેલી FASTag અથવા યુનિફાઈડ પેમેન્ટ્સ ઈંટરફેસ (UPI) આધારિત પાર્કિંગ સુવિધા શરૂ કરી હતી.**

→ પ્રવેશ અને ચૂકવણી માટેનો સમય ઘટાડવા આ સુવિધા શરૂ કરવામાં આવી છે.

→ મલ્ટી–મોડલ ઈન્ટિગ્રેશન (MMI) પહેલ અંતર્ગત સ્ટેશન પર ઓટો, ટેકસીઓ અને રિક્ષાઓ માટે સમર્પિત ઈન્ટરમીડિયેટ પબ્લિક ટ્રાન્સપોર્ટ (IPT) લેનનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

❖ **પશ્ચિમ બંગાળ સરકારે બંધારણના અનુચ્છેદ 169 હેઠળ રાજ્યમાં વિધાન પરિષદની રચના માટે 6 જુલાઈ, 2021 ના રોજ રાજ્ય વિધાનસભામાં ઠરાવ પસાર કર્યો હતો.**

→ નોંધનીય છે કે વર્ષ 2020માં આંધ્ર પ્રદેશ વિધાનસભાએ વિધાન પરિષદને સમાપ્ત કરવાનો પ્રસ્તાવ પ્રસાર કર્યો છે.

→ હાલમાં છ રાજ્યો : ઉત્તર પ્રદેશ, બિહાર, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાણા અને કર્ણાટકમાં વિધાન પરિષદ આવેલી છે.

❖ **માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ નાગપુરમાં ભારતના પ્રથમ લિક્વિફાઈડ નેચરલ ગેસ (એલએનજી) સુવિધા પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ આ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરતાં, મંત્રીએ ઊર્જા અને પાવર ક્ષેત્રો તરફ વૈકલ્પિક બાયોફ્યુઅલ અને કૃષિના વિવિધતાના મહત્વ પર ભાર મૂકયો.



Banking Academy

→ આ મંત્રાલયે એક નીતિ પણ ઘડી છે જે આયાત વિકલ્પ, ખર્ચ–અસરકારક, પ્રદૂષણ મુક્ત અને દેશી ઈથેનોલ, LNG, બાયો–સીએનજી અને હાઈડ્રોજન ઈંધણના વિકાસને પ્રોત્સાહન આપે છે.

→ નીતિન ગડકરીએ એ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે ચોખા, મકાઈ અને ખાંડના સરપ્લસનો ઉપયોગ વૈકલ્પિક ઈંધણ તરીકે થઈ શકે છે.

❖ **રાષ્ટ્રીય ડોલ્ફિન રિસર્ચ સેન્ટર (NDRC) ટૂંક સમયમાં પટણામા સ્થાપવામાં આવશે. આ સંશોધન કેન્દ્ર સ્થાપવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.**

→ આ સંશોધન કેન્દ્રનું ઉદ્‌ઘાટન જોખમમાં મૂકાયેલ ગંગા નદી ડોલ્ફિનના સંરક્ષણ તરફનું એક મોટું પગલું હશે.

→ સંશોધન કેન્દ્રની સ્થાપના માટે, ગંગા નદીના કાંઠે પટના યુનિવર્સિટીના કેમ્પસમાં 4,400 ચોરસ મીટર જમીન પર NDRC બનાવવામાં આવી રહ્યું છે.

❖ **ઉત્તરાખંડના દહેરાદૂન જિલ્લામાં લિકેન, ફર્ન અને ફગની લગભગ 50 પ્રજાતિના ભારતના પ્રથમ ક્રિપ્ટોગ્રામિક ગાર્ડન હાઉસિંગનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.**

→ ક્રિપ્ટોગેમિક એટલે “છુપાયેલ પ્રજનન” એટલે કે બીજ નહીં અને ફૂલો ઉત્પન્ન થતા નથી.

→ તે બીજ વગરના છોડ છે. શેવાળ, બ્રાયોફાઈટ્સ, લિકેન, ફર્ન અને ફૂગ ક્રિપ્ટોગેમ્સના સૌથી જાણીતા જૂથો છે.

❖ **લદાખ કેન્દ્રશાસિત પ્રદેશ એ તમામ રહેવાસીઓ અને બહારથી આવેલ લોકોને રસી આપવા વાળો દેશનો પહેલો કેન્દ્ર શાસિત પ્રદેશ બન્યો છે ; તેમાં સ્થળાંતર મજૂરો, હોટલ કામદારો અને નેપાળી નાગરિકો પણ આ ક્ષેત્રમાં આજીવિકા મેળવે છે.**

❖ **તેલંગાણામાં વાર્ષિક ‘અષાદા બોનાલુ’ મહોત્સવ 11 જુલાઈ 2021 ના રોજ શરૂ થયો હતો.**

→ અહીંના ઐતિહાસિક ગોલ્કોન્ડા કિલ્લાની ઉપર આવેલા દેવી જગદંબા મંદિરમાં ભકતોએ દર્શન કર્યા હતા.

→ ‘બોનલુ’ ઉત્સવ સામાન્ય રીતે જુલાઈ અને ઓગષ્ટમાં આવતા હિંદુ કેલેન્ડર મહિના ‘અષાઢ’ દરમિયાન ઉજવવામાં આવે છે.

→ રોગોથી બચવા અને સારા સ્વાસ્થ્ય, શાંતિ અને સમૃદ્ધિ માટે બોનોલુની ઉજવણી કરવામાં આવે છે.

❖ **તમિલનાડુના વિભાજનને લઈને તાજેતરના સમયમાં “કોંગુ નાડુ પ્રદેશ” પર ચર્ચા શરૂ થઈ છે.**

→ કોંગું નાડુ એ પશ્ચિમ તમિલનાડુ ક્ષેત્રના ભાગ માટે સામાન્ય રીતે વપરાતું નામ છે. તે ન તો પિન કોડવાળી જગ્યા છે કે ન કોઈ ક્ષેત્રને ઓપચારિક નામ આપવામાં આવે છે. તમિળ સાહિત્યમાં આ સ્થાનનો ઉલ્લેખ છે. સંગમ સાહિત્યમાં ‘કોંગુ નાડુ’નો એક અલગ પ્રદેશ તરીકે પણ ઉલ્લેખ કરવામાં આવે છે. તમિલનાડુમાં હાલમાં આ શબ્દનો ઉપયોગ ડીડીગુલ જિલ્લાના ઓડદાનચટ્રમ અને વેદાસુંદર અને ધર્મપુરી જિલ્લાના પપ્પીરેડપટ્ટી, નીલગિરી, તિરુપુર, કોઈમ્બતુર, કરુર, ઈરોડ, નમક્કલ અને સાલેમ જિલ્લાઓ સંદર્ભમાં થાય છે.

❖ **EV સોલ્યુશન પ્રદાતા મેજેન્ટા માર્ચ 2022 સુધીમાં 4000 ચાર્જિંગ સુવિધાઓ આપવાની યોજનાના ભાગ રૂપે, મહારાષ્ટ્રના નવી મુંબઈમાં દેશના સૌથી મોટા જાહેર EV ચાર્જિંગ સ્ટેશનની સ્થાપના કરશે.**

→ ચાર્જિંગ સ્ટેશન ટુ વ્હીલ્સ, થ્રી વ્હીલ્સ અને ફોર વ્હીલર્સ માટે 21 એસી / ડીસી ચાર્જર્સ સાથે ચોવીસ કલાક કામ કરશે.

→ ચાર્જર, કોઈ પણ વાહન 45 મિનિટમાં ચાર્જ કરી શકે છે.

## ગુજરાત

❖ **ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ચાલતી ‘મુખ્યમંત્રી બાળ સેવા યોજના’ હેઠળ હવે બાળકોને 21 વર્ષની વય સુધી માસિક રૂ. 4,000 ની આર્થિક મદદ કરવામાં આવશે.**

→ પહેલા આ યોજનામાં વય મર્યાદા 18 વર્ષની હતી, તે હવે વધારીને 21 વર્ષની કરવામાં આવી છે.

→ કોરોના કાળમાં માતા–પિતા ગુમાવનાર બાળકોને સહાય આપવાની રાજ્ય સરકારે જાહેરાત કરી હતી. પરંતુ જાહેરાત બાદ માતા–પિતાનું મૃત્યુ કોરોનાથી થયું છે કે, અન્ય કારણથી તે અંગે ભારે મૂંઝવણ હતી. અને સહાય માટે અનેક દસ્તાવેજ રજૂ કરવા પડતા હોવાથી યોજના અંગે સવાલો થઈ રહ્યા હતા.

→ કોરોના કાળમાં અનાથ થયેલા તમામ બાળકોને સહાય મળશે. અને આ સહાય માટે મરણનું કારણ દર્શાવવું જરૂરી નથી. મરણ સર્ટિફિકેટમાં કોરોનાથી મૃત્યુનો ઉલ્લેખ જરૂરી નહીં હોય તો પણ સહાય આપવામાં આવશે.

→ જ્યારે પુખ્ત વયના કે જેમનો અભ્યાસ ચાલુ હશે તેમને 21 વર્ષ સુધી આફટર કેર યોજનામાં માસિક રૂ. 6000 ની સહાય અપાશે. 21 વર્ષ પૂર્ણ કર્યા બાદ પણ જે યુવક–યુવતીઓ ઉચ્ચ અભ્યાસ સાથે જોડાયેલા હોય તેમને અભ્યાસના વર્ષ અથવા તેમની 24 વર્ષની ઉંમર પૂરી થાય એમાંથી જે વહેલું હોય ત્યાં સુધી આફટર કેર યોજના હેઠળ દર મહિને રૂ. 6000ની સહાયનો લાભ મળશે. એટલે કે, તમામ પ્રકારના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો આ યોજના માટે માન્ય ગણવામાં આવશે.

❖ **મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ બોટાદ જિલ્લાના કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ગઢડા ખાતે PSA ઓકિસજન પ્લાન્ટનું ઈ–લોકાપર્ણ કર્યું છે.**

→ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે કોરોનાની સંભવિત ત્રીજી લહેરને પહોંચી વળવા રાજ્યમાં 1800 મેટ્રિક ટન ઓકિસજન ઉત્પાદન કરવાના આયોજન સાથે 300 પ્લાન્ટ ઈન્સ્ટોલ કરી દેવામાં આવ્યા છે.

→ રૂ.22 લાખના ખર્ચે નિર્માણ થયલો ગઢડા કોમ્યુનિટી હેલ્થ સેન્ટરનો આ પ્લાન્ટ દર મિનિટે 150 લીટર ઓકિસજન ઉત્પાદન કરશે જેનો ગઢડાની આસપાસના 80 ગામોના લોકોને જરૂરિયાતના સમયે લાભ મળશે.

❖ **મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદની વટવા જી.આઈ.ડી.સી. માં ‘ફેન્ટમ કેટાલીટીક રીએકટર’ પ્લાન્ટનો કેન્દ્રીય મંત્રી શ્રી પ્રકાશ જાવેડકરની ઉપસ્થિતિમાં વર્ચ્યુઅલ રીતે ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી લોકાપર્ણ કર્યું હતું.**

→ ‘ફેન્ટમ કેટાલીટીક રીએકટર’ (FCR) ટેક્નોલોજી થી સજ્જ CETPનો લાભ વટાવા જી.આઈ.ડી.સી.ના 700 જેટલા ઉદ્યોગોને મળશે. પર્યાવરણ કાયદાના માપદંડોનું સરળતાથી પાલન દ્વારા વટાવા ઔદ્યોગિક વિસ્તાર વેસ્ટ વોટરના નિકાલ અંગેના 100 ટકા નોર્મ્સનું પાલન કરતો વિસ્તાર બનશે. મુખ્યમંત્રી શ્રી

વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે ઔદ્યોગિક એકમોમાંથી ઉદ્ભવતા ગંદાપાણીના શુદ્ધિકરણ અને નિકાલ માટે રાજ્યમાં સંયુકત ગંદાપાણીના શુદ્ધિકરણ પ્લાન્ટની વ્યવસ્થાને વેગ આપ્યો છે.

→ આ ભારતનું પ્રથમ ફ્રેન્ટમ કેટાલીટીક રીએક્ટર છે.

❖ **ગુજરાત NCC નિદેશાલય દ્વારા શરૂ કરાયેલા 'એક મૈં સો કે લિયે' સોશિયલ મીડિયા અભિયાનના પાંચમા તબક્કાનો મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રારંભ કરાવ્યો.**

→ આ પ્રસંગે, મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે NCC ડાયરેકટરેટ ગુજરાતના એડિશનલ ડિરેકટર જનરલ અરવિંદ કપૂરને આ અભિયાનના ચાર તબક્કાની સિદ્ધિ માટે 'વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ' દ્વારા પ્રાપ્ત થયેલ "સર્ટીફિકેટ ઓફ કમિટમેન્ટ" એનાયત કરવામાં આવ્યું.

→ 'એક મૈં સો કે લિયે' અભિયાનના અગાઉના ચાર તબક્કાઓમાં NCC ગુજરાતે સોશિયલ મીડિયા માધ્યમથી 14 લાખ ટ્વિટર હિટની સિદ્ધી મેળવી હતી.

→ પાંચમા તબક્કામાં કારગીલના વીરોને ગુજરાતનો આભાર અભિયાન હેઠળ 26 જુલાઈએ કારગીલ વિજય દિવસની 22 મી વર્ષગાંઠના અવસરે ગુજરાત NCC કેડેટ્સ દ્વારા ભારતીય સેનાના વીર જવાનોને 25 હજાર શુભેચ્છા કાર્ડ્સ પહોંચાડવામાં આવશે.

→ તેમણે સંબોધન આપતા, મુખ્યમંત્રીએ ગુજરાતમાં NCC પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારની સંકલ્પબદ્ધતા વ્યકત કરી હતી. તેમણે કહ્યું કે, NCC 'C' સર્ટિફિકેટ પાસ કરેલા યુવાઓને પોલીસ દળની ભરતીમાં ગુજરાતમાં અગ્રતા અપાય છે.

❖ **તાજેતરમાં ગુજરાતના નર્મદા જિલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક પંચમુલી તળાવમાંથી કેટલાક મગરોને ખસેડવામાં આવ્યા છે.**

→ પંચમુલી તળાવમાં બોટ પર સવારી કરતા પ્રવાસીઓની સલામતી માટે મગરોને ખસેડવામાં આવ્યા છે.

→ આ તળાવ કેવડિયામાં સરદાર વલ્લભભાઈ પટેલની 182 મીટર ઊંચી પ્રતિમા નજીક આવેલું છે.

→ આ તળાવ પ્રવાસીઓ માટેનું એક મુખ્ય આકર્ષણ બની ગયું છે તેમાં મોટી સંખ્યામાં મગરો હતા જે પ્રવાસીઓ માટે જોખમરૂપ છે.

❖ **રાજ્ય સરકારના તમામ ગેઝેટ હવે ડિઝીટલ સ્વરૂપે વેબસાઈટ પર ઓનલાઈન ઉપલબ્ધ થશે.**

→ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગાંધીનગરમાં આ માટેની વેબસાઈટ egazette.gujarat.gov.in નું લોંચિંગ કર્યું. તેના પરિણામે સરેરાશ વાર્ષિક 35 મેટ્રિક ટન પેપરની બચત થશે.

→ કોઈપણ વ્યકિત, સંસ્થા વેબસાઈટના માધ્યમથી ગેઝેટને વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકશે.

→ ઈ–ગેઝેટની આવી ડાઉન લોડેડ કોપીની અધિકૃતતા માટે QR કોડની પ્રથા અમલમાં મૂકવામાં આવી છે.

→ હાલ રાજ્યમાં 30 વર્ષના જૂના ગેઝેટ ઉપલબ્ધ છે તે ત્વરાએ વેબસાઈટ ઉપર એક મહિનામાં ઉપલબ્ધ કરાવવા મુખ્યમંત્રીશ્રીએ વિભાગને સૂચન કર્યું હતું. જે અનુસાર જૂના ગેઝેટને પણ ક્રમશઃ વેબસાઈટ ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવશે જેથી નાગરિકો, અરજદારો, સરકારી કચેરીઓને અગાઉ પ્રસિદ્ધ થઈ ગયેલા જૂના ગેઝેટની નકલો મેળવવામાં પડતી સમસ્યાનું નિવારણ થશે.

❖ **તાજેતરમાં યુગાન્ડાના ભારત સ્થિત હાઈ કમિશનર ગ્રેસ અકેલોએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે સૌજન્ય મુલાકાત કરી હતી.**

→ ગુજરાતે ઔદ્યોગિક ક્ષેત્રે દેશમાં મેન્યુફેકચરિંગ હબ તરીકે મેળવેલી સફળતા તેમજ દેશના MSME ક્ષેત્રમાં આપેલા યોગદાનથી તેઓ પ્રભાવિત થયા હતા.

→ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ યુગાન્ડા અને ગુજરાત વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં સંપૂર્ણ સહયોગની ખાતરી આપી.

❖ **અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની 144મી રથયાત્રા યોજાય હતી.**

→ દર વર્ષે અષાઢી બીજે અમદાવાદમાં જગન્નાથ ભગવાનની રથયાત્રા યોજાતી રહી છે. આવી જ વિશાળ રથયાત્રા પુરીમાં પણ યોજાય છે.

→ ઈ.સ. 1878માં આ મંદિરના મહંત નરસિંહદાસજીએ અમદાવાદમાં પ્રથમ વખત રથયાત્રા યોજી હતી.

❖ **કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે 11 જુલાઈ, 2021ના રોજ તેમના લોકસભા મત વિસ્તાર ગાંધીનગરમાં 448 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેકટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું.**

→ તેમણે અમદાવાદના બોપલ ખાતે 4 કરોડના ખર્ચે સિટીઝન સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું.

→ તેમજ અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (AUDA), અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને વેસ્ટર્ન રેલ્વેના વિવિધ પ્રોજેકટ્સનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

❖ **કેન્દ્રીય ગૃહ પ્રધાન શ્રી અમિત શાહે અમદાવાદામાં રાષ્ટ્રીય ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના નવા બંધાયેલા 'સેન્ટર ઓફ એકસેલન્સ ફોર રિસર્ચ એન્ડ એનાલિસિસ ઓફ નાર્કોટિકસ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ'નું ઉદ્ઘાટન કર્યું હતું.**

→ મહિલાઓ વિરુદ્ધના ગુનાઓની તપાસ પર વર્ચ્યુઅલ તાલીમનો ઉદ્ઘાટન પણ કર્યું હતું.

❖ **ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારના ખેતીવાડી ખાતાએ પ્રત્યેક એવા ખેડૂત પરિવારને ગાય નિભાવ ખર્ચ આપવાનું નક્કી કર્યું છે કે જેઓ ગાય આધારિત ખેતી કરી રહ્યાં છે.**

→ આ યોજનાનો લાભ લેવા માટે પ્રત્યેક ખેડૂત પાસે દેશી ગાય હોવી જરૂરી છે.

→ રાજ્ય સરકારે 'ગાય નિભાવ ખર્ચ'ની યોજના શરૂ કરી છે અને તેના માટે 213.57 કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનું નક્કી કર્યું છે. કૃષિ વિભાગના એક આદેશ પ્રમાણે દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત પરિવારને એક ગાય માટે નિભાવ ખર્ચમાં પ્રતિ માસ 900 રૂપિયા અને વાર્ષિક 10800 રૂપિયા આપવાનું ઠરાવવામાં આવ્યું છે.

❖ **NTPC ની સહાયક કંપની એનટીપીસી રિન્યુએબલ એનર્જી લિમિટેડને કચ્છના ખાવડાના રણમાં 4 હજાર 750 મેગાવોટનો ઊર્જા પાર્ક સ્થાપિત કરવા માટે મંજૂરી મળી છે.**

→ આ ભારતનો સૌથી મોટો સોલાર પાર્ક હશે જેનું નિર્માણ દેશની સૌથી મોટી વિદ્યુત ઉત્પાદક કંપની કરશે.

→ મંત્રાલયે NTPC રિન્યુએબલ એનર્જી લિમિટેડને આ મંજૂરી સૌર ઊર્જા પાર્ક યોજનાના અલ્ટ્રા મેગા રિન્યુએબલ એનર્જી પાવર પાર્ક હેઠળ આપી છે.

→ આ પાર્કથી વ્યાવસાયિક સ્તરે હરિત હાઈડ્રોજન ઉત્પન્ન કરવાની યોજના છે.
→ એનટીપીસીનું લક્ષ્ય 2032 સુધીમાં 60 ગીગાવોટ પુનઃપ્રાપ્ત ઊર્જા ક્ષમતાનું નિર્માણ કરવાનું છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદી 16 જુલાઈ, 2021 ના રોજ પુનર્વિકાસ થયેલ ગાંધીનગર રેલ્વે સ્ટેશનની ઉપર નવી બનાવવામાં આવેલી ફાઈવ સ્ટાર હોટલનું વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન કર્યું હતું.**
→ ભારતીય રેલ્વે સ્ટેશનો રિડેવલપમેન્ટ કોર્પોરેશન (IRSDC) હેઠળ ગાંધીનગર રેલ્વે સ્ટેશનના પુનર્વિકાસ અને ફાઈવ સ્ટાર હોટલના નિર્માણના પ્રોજેક્ટને જાન્યુઆરી 2017 માં શરૂ કરવામાં આવ્યો હતો.
→ રેલ્વે સ્ટેશનની ઉપરની લકઝરી હોટેલમાં 318 રૂમ છે તે ખાનગી સંસ્થા દ્વારા સંચાલિત કરવામાં આવશે.
→ 5-સ્ટાર હોટલની ઈમારત રેલ્વે ટ્રેકની ઉપર છે અને ગાંધીનગરની સૌથી ઊંચી ઈમારતમાંની એક છે. જેની 9 – 11 – 11 ફ્લોરના ત્રણ ટાવરો મળી તેની ઊંચાઈ 99 મીટર છે.
→ તેમજ વડાપ્રધાને અમદાવાદના સાયન્સ સિટી ખાતે ત્રણ નવા આકર્ષણોનું ઉદ્‌ઘાટન પણ કર્યું. આ ત્રણ આકર્ષણોમાં એકવેટિક ગેલેરી, નેચરલ પાર્ક અને રોબોટિક્સ ગેલેરીનો સમાવેશ થાય છે.
→ એકવેટિક ગેલેરી : સાયન્સ સિટીમાં તેને 264 કરોડના ખર્ચે બનાવવામાં આવ્યું છે. તે ભારતનું સૌથી મોટું માછલીઘર છે જેમાં દરિયાઈ જીવન અને શાર્ક દર્શાવવા માટે 68 મોટી ટાંકીનો સમાવેશ થાય છે. આ માછલીઘરમાં દરિયાઈ પ્રાણીઓની લગભગ 11,600 માછલીઓ અને 188 વિવિધ પ્રજાતિઓ છે. તેમાં 28 મીટર લાંબી અંડરવોટર વોકવે ટનલ શામેલ છે જેનો ઉપયોગ દરિયાઈ જાતિઓ જોવા માટે થઈ શકે છે. તેમાં 5 ડી થિયેટર પણ છે.
→ રોબોટિક ગેલેરી : તે 11,000 ચોરસ મીટરના વિસ્તારમાં 127 કરોડના ખર્ચે બનાવવામાં આવી છે. તેમાં વિવિધ પ્રકારના રોબોટ્સ શામેલ છે જેમ કે હ્યુમનોઈડ રોબોટ્સ અને મશીનો.
→ નેચર પાર્ક : તે 20 એકર વિસ્તારમાં 14 કરોડના ખર્ચે બનાવવામાં આવ્યું છે. તેમાં પ્રાણીઓના આકારની મૂર્તિઓનો સમાવેશ થાય છે.

❖ **મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સાયન્સ સિટીની નવિન વેબસાઈટ અને મોબાઈલ એપનું લોન્ચિંગ કર્યું.**
→ આ એપની સુવિધાથી સાયન્સ સિટીની મુલાકાતે આવનારા લોકો માટે ઘરે બેઠા ઓનલાઈન બુકીંગ, પેપરલેસ ટિકિટ પ્રક્રિયા, તમામ ડિઝીટલ મોડથી પેમેન્ટ સુવિધાની સગવડતા પૂરી પાડશે જેથી કેશલેસ ટ્રાન્ઝેકશનની પ્રક્રિયાને પણ વેગ મળશે.
→ સાયન્સ સિટીમાં પ્રવેશ બાદ મુલાકાતીઓને એક ગેલેરીથી બીજી ગેલેરી કે એક સ્થળેથી અન્ય સ્થળે સમગ્ર પરિસરમાં જવા માટે મોબાઈલ એપ પર નકશા અને સ્થળની સ્થિતીની ચોક્કસ જાણકારી પ્રાપ્ત થશે.
→ સાયન્સ સિટીની આ નવિન વેબસાઈટનું નામ સાયન્સ સિટી Gujarat.gov.in છે.

❖ **ગુજરાત સરકારે આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનારા જુદા જુદા સક્ષમ ખેલાડીઓ માટે પ્રથમ વર્ગ અને દ્વિતીય વર્ગની નોકરીઓ આપવાનું નક્કી કર્યું છે.**
→ આ નિર્ણયનો હેતુ શારીરિક રીતે પડકારજનક ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ બનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.
→ પેરાલિમ્પિક, પેરા એશિયન અને કોમનવેલ્થ ગેમ્સમાં ચંદ્રક વિજેતાઓને નિયમો અનુસાર સરકારી સેવામાં નિમણૂક કરવામાં આવશે.

## આંતરરાષ્ટ્રીય

❖ **ભારતીય નૌકા શિપ તબર (INS Tabar) એ તાજેતરમાં ઈટાલિયન નૌકાદળના ફ્રન્ટલાઈન ફ્રિગેટ સાથે લશ્કરી કવાયતમાં ભાગ લીધો હતો.**
→ ઈટાલિયન નૌકાદળ સાથે ભૂમધ્ય સમુદ્રમાં ચાલી રહેલી કવાયતના ભાગ રૂપે INS Tabar 3 જુલાઈએ નેપલ્સ બંદરે પ્રવેશ કર્યો.

❖ **NewsOnAir Radio Live-stream Global Ranking તાજેતરમાં જ પ્રકાશિત કર્યું છે, જેમાં એવા દેશોનો સમાવશે થાય છે જ્યાં NewsOnAir App પર ઓલ ઈન્ડિયા રેડિયો (AIR) લાઈવ–સ્ટ્રીમ સૌથી વધુ લોકપ્રિય છે.**
→ આ રેન્કિંગમાં, ફીજી પાંચમા સ્થાનેથી બીજા સ્થાને પહોંચ્યો છે.
→ યુ.એસ.એ તેનું રેન્કિંગ 1 પર જાળવી રાખ્યું છે. ઓલ ઈન્ડિયા રેડિયોની તેલુગુ અને તમિલ લાઈવ–સ્ટ્રીમ સેવાઓ યુ.એસ.માં લોકપ્રિય છે.

❖ **તાજેતરમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDG) રિપોર્ટ 2021 જાહેર કરવામાં આવ્યો હતો.**
→ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ રિપોર્ટ 2021 તાજેતરમાં સંયુકત રાષ્ટ્રના આર્થિક અને સામાજિક બાબતોના વિભાગ (UN DESA) દ્વારા પ્રકાશિત કરાઈ હતી. તે સ્થાયી વિકાસ પરના ઉચ્ચ સ્તરના રાજકીય મંચના (HLPF) 2021 સત્રમાં શરૂ કરવામાં આવ્યું હતું.
→ આ અહેવાલમાં એસ.ડી.જી. ના અમલીકરણ પર COVID-19 ની અસરો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. તે એવા ક્ષેત્રોને પણ ઓળખે છે કે જેને તાત્કાલિક અને સંકલિત ક્રિયાની જરૂર હોય. આ અહેવાલ વૈશ્વિક એસડીજી સૂચકાંકો ડેટાબેસના ડેટા અને અંદાજોનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યો હતો જેમાં વૈશ્વિક, પ્રાદેશિક અને દેશ ડેટા અને સત્તાવાર એસડીજી સૂચકાંકો પરના મેટાડેટા શામેલ છે.
→ આ અહેવાલ મુજબ એસડીજી (સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ) પર આંતરરાષ્ટ્રીય સ્તરે તુલનાત્મક ડેટાની ઉપલબ્ધતામાં પ્રગતિ થઈ છે વૈશ્વિક એસડીજી ડેટાબેઝમાં સમાવિષ્ટ સૂચકાંકોની સંખ્યા 2016 માં 115 થી વધીને 2021 માં 211 થઈ ગઈ છે. જો કે, કોવિડ–19 રોગચાળાએ સમગ્ર વિશ્વમાં વસ્તી ગણતરી જેવા ડેટા કામગીરી ખોરવી છે.
→ એસડીજી 1 : વૈશ્વિક ગરીબી દર 2030 માં 7% થવાનો અંદાજ છે, જેમાં તે ગરીબી નિવારણનું લક્ષ્ય ચુકી જશે.
→ એસડીજી 2 : 5 વર્ષથી ઓછી વયના 22% બાળકો અવિકસિત છે, 7% વેસ્ટિંગથી પીડાય છે, જ્યારે 7.7% વધુ વજનવાળા છે.
→ એસડીજી 3 : કોવીડ–19 આરોગ્યની પ્રગતિ અટકાવી છે. તેનાથી આયુષ્ય ઘટી ગયું છે.
→ એસડીજી 4 : વર્ગ 1-8 માં 9% બાળકો 2020 માં ન્યૂનતમ વાંચન નિપુણતા સ્તરથી નીચે આવી ગયા છે.

→ એસડીજી 5 : રાષ્ટ્રીય સંસદસભ્યોમાં 6% મહિલાઓ છે, 36.6% સ્થાનિક સરકારના પ્રતિનિધિઓ છે જ્યારે 28.2% સંચાલક પદ ધરાવે છે.
→ એસડીજી 6 : 2 અબજ લોકોને પીવાનું શુદ્ધ પાણી મળતું નથી અને 6 અબજ સુરક્ષિત રીતે સંચાલિત સેનિટેશનથી વંચિત છે.
→ એસડીજી 7 : 2.6 અબજ લોકો ખતરનાક અને બિનકાર્યક્ષમ રસોઈ સિસ્ટમ્સ ધરાવે છે.
→ એસડીજી 8 : 255 મિલિયન પૂર્ણ–સમયની નોકરીઓ COVID-19 ને કારણે ગુમાવી છે.
→ એસડીજી 9 : 2020 માં મધ્યમ અને ઉચ્ચ તકનીકી ઉત્પાદને આર્થિક પુનઃપ્રાપ્તિમાં ફાળો આપ્યો.
→ એસડીજી 10 : 2020 માં 1,00,000 વ્યકિત દીઠ 311 શરણાર્થીઓ છે.
→ એસડીજી 11 : વિશ્વની અડધા શહેરી વસ્તીને જાહેર પરિવહનની સુવિધા છે.
→ એસડીજી 12 : 2000 થી 2017 ની વચ્ચે global material footprint માં 70% નો વધારો થયો છે.
→ એસડીજી 13 : 2020 માં વૈશ્વિક સરેરાશ તાપમાન 2 ડિગ્રી સે.
→ એસડીજી 14 : ડેડ ઝોન 2008માં 400 થી વધીને 2019 માં 700 થઈ ગયા છે.
→ એસડીજી 15 : 2000 મિલિયન 2020 દરમિયાન 100 મિલિયન હેકટર જંગલનો નાશ કરવામાં આવ્યો છે.
→ એસડીજી 16 : બાળ મજૂરી 2020માં વધીને 160 મિલિયન થઈ ગઈ છે.
→ એસડીજી 17 : લગભગ 7 અબજ લોકો (વિશ્વની અડધા વસ્તી) હજી પણ ઓનલાઈન નથી.
→ એસડીજી રિપોર્ટની 14મી આવૃત્તિ – 2021 ની જાહેરાત અનુસાર 165 દેશોમાં ભારતનો રેન્ક 60.1 ના સ્કોર સાથે 120માં ક્રમાંકે છે.

❖ **અફઘાનિસ્તાનમાં યુનાઈટેડ સ્ટેટ્સની સૈન્ય મિશન 31 ઓગષ્ટ 2021 ના રોજ સમાપ્ત થશે.**
→ એપ્રિલ 2021 માં રાષ્ટ્રપતિ બિડેને જાહેરાત કરી હતી કે યુ.એસ. 9/11 ના આતંકી હુમલાની 20 મી વર્ષગાંઠ સુધીમાં અફઘાનિસ્તાનથી બાકીના તમામ સૈન્યને પાછુ ખેંચી લેશે.
→ આ એક ઘાતક સંઘર્ષને સમાપ્ત કરવાનો પ્રયાસ છે જેમાં ટ્રિલિયન ડોલરનો ખર્ચ થયો છે અને યુએસના 2,300 થી વધુ સૈનિકો માર્યા ગયા છે.

❖ **તાજેતરમાં એક સાયબર સિકયુરિટી કંપનીના જણાવ્યા અનુસાર રેન્સમવેર હુમલાના કારણે 2 જુલાઈ, 2021ના રોજ ઓછામાં ઓછી 200 અમેરિકન કંપનીને અસર થઈ હતી.**
→ આ સાયબર એટેક પાછળ રશિયન ભાષા બોલતી 'રેવિલ રેન્સમવેર' ગેંગ છે.
→ હુમલાખોરોએ કલાઉડ–સર્વિસ પ્રોવાઈડર્સ દ્વારા રેન્સમવેર ફેલાવવા માટે તેના નેટવર્ક મેનેજમેન્ટ પેકેજનો ઉપયોગ કરીને 'કસિયા' (Kaseya) નામના સોફટવેર સપ્લાયરને નિશાન બનાવ્યું હતું.

❖ **Henley & Partners દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા વર્ષ 2021ના પાસપોર્ટ ઈન્ડેકસમાં જાહેર કરવામાં આવ્યા.**
→ આ ઈન્ડેકસ મુજબ ભારતનું સ્થાન 90માં ક્રમે છે. જે ગયા વર્ષે 84માં ક્રમે હતું.
→ વર્ષ 2021ના આ ઈન્ડેકસમાં ભારત ઉપરાંત તાજિકિસ્તાન અને ગૈબોન પણ 90મા ક્રમે છે. જાપાન આ ઈન્ડેકસમાં પ્રથમ ક્રમે છે. જાપાન બાદ સિંગાપોર બીજા અને જર્મની તથા સાઉથ કોરિયા ત્રીજા ક્રમે છે. આ ઉપરાંત અફઘાનિસ્તાન આ ઈન્ડેકસમાં અંતિમ 116માં ક્રમે છે.
→ આ ઈન્ડેકસ મુજબ જાપાની પાસપોર્ટ 193 દેશોમાં વિઝા ફ્રી કે વિઝા ઓન એરાઈવલની સુવિધા ધરાવે છે. ભારતીય પાસપોર્ટ વિશ્વના કુલ 58 દેશોમાં ફ્રી વિઝા સુવિધા ધરાવે છે.

❖ **આંતરરાષ્ટ્રીય ટેલિકોમ્યુનિકેશન યુનિયન (ITU) ના પ્રોજેકટ અંતર્ગત વૈશ્વિક સાયબર સુરક્ષા સૂચકાંક (GCI) જાહેર કરવામાં આવ્યો.**
→ આ ઈન્ડેકસમાં અમેરિકા પ્રથમ ક્રમાંકે છે. ત્યારબાદ યુ.કે અને સાઉદી અરેબિયા બીજા ક્રમે છે. આ ઈન્ડેકસમાં ભારત 100 માંથી 97.5 ના સ્કોર સાથે 10માં ક્રમે છે.
→ વૈશ્વિક સ્તરે સાઈબર સુરક્ષા પ્રત્યે રાષ્ટ્રોની પ્રતિબદ્ધતાને માપવા તે એક વિશ્વસનીય સંદર્ભ છે. આ સ્તરનું મૂલ્યાંકન કરવા પાંચ માપદંડો નિર્ધારિત કર્યો છે : કાનૂની પગલા, તકનીકી પગલાં, સંગઠનાત્મક પગલાં, ક્ષમતા વિકાસ અને સહયોગ
→ વૈશ્વિક સાયબર સિકયુરિટી રેન્કિંગમાં ભારત ચીન (ક્રમ–33) અને પાકિસ્તાન (ક્રમ – 79) કરતાં આગળ છે.

❖ **તાજેતરમાં કેનેડા અને ઉત્તર પશ્ચિમ પેસિફિકના કેટલાક ભાગોમાં 47 થી 49 ડિગ્રીની આસપાસ તાપમાન નોંધાયું હતું. જેનાથી ઐતિહાસિક ગરમીની લહેર ઉત્પન્ન થઈ હતી. જે 'હીટ ડોમ'નું પરિણામ છે.**
→ આ હીટ ડોમના કારણે કેનેડામાં 230 કરતાં પણ વધુ લોકોના મૃત્યુ થયા હતા.

❖ **તાજેતરમાં ચીને વિશ્વનો બીજો સૌથી મોટો હાઈડ્રોઈલેકિટ્રક ડેમ 'બૈહેતન'નું કાર્ય શરૂ કર્યું છે.**
→ નોંધનીય છે કે ચીનમાં યાંગિત્ઝ નદી પરનો 'થ્રી ગોર્જ ડેમ' વિશ્વનો સૌથી મોટો હાઈડ્રોપાવર ડેમ છે. બૈહેતન ડેમ ચીનમાં જીંશા નદી પર સ્થિત છે જે યાંગ્ત્ઝી નદીની ઉપનદી છે. યાંગ્ત્ઝી નદી એશિયાની સૌથી લાંબી નદી છે.

❖ **WHO દ્વારા 30 મી જૂન, 2021ના રોજ મેલેરિયાને નાબૂદ કરવાના 70 વર્ષના પ્રયત્નો બાદ ચીનને મેલેરિયા મુકત જાહેર કરાયું છે.**
→ ચીનમાં છેલ્લા ચાર વર્ષથી કોઈ કેસ નોંધાયો નથી. નોંધનીય છે કે ઓછમાં ઓછા સતત ત્રણ વર્ષથી મેલેરિયાના સ્વદેશી કેસ શૂન્ય થયા હોય એવા રાષ્ટ્રો WHOને મેલેરિયા મુકત દરજ્જાના પ્રમાણપત્ર માટે અરજી કરી શકે છે. WHO દ્વારા મેલેરિયા મુકત દરજ્જો પ્રાપ્ત કરવા ચીની 40મું ક્ષેત્ર બન્યું છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના ભૂટાન સમકક્ષ લોટયે શેરીંગની અધ્યક્ષતામાં પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો બાદ, ભારત ભૂટાનની 12મી પંચવર્ષીય યોજનામાં રૂ.4,500 કરોડ ફાળો આપશે.**
→ ભૂટાનની 12મી પંચવર્ષીય યોજના વર્ષ 2018 થી 2023 સુધી ચાલશે.

→ દ્વિપક્ષીય વેપાર અને આર્થિક સંબંધોને મજબૂત બનાવવા માટે ભારત પાંચ વર્ષના ગાળામાં રૂ. 400 કરોડની પરિવર્તનશીલ વેપાર સહાય સુવિધા પણ આપશે.

❖ **UNCTAD અને યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટૂરિઝમ ઓર્ગેનાઈઝેશન (UNWTO)ના અહેવાલો મુજબ, કેટલાક પશ્ચિમી બજારો સિવાય, આંતરરાષ્ટ્રીય પર્યટક આવનારાઓ 2021 માં સ્થિર થશે.**

→ આ અહેવાલ મુજબ, પર્યટનમાં આ સ્થિરતાના પરિણામે 4 ટ્રિલિયનનું નુકસાન થશે તેમજ પર્યટન ક્ષેત્રે 2023 સુધી પૂર્ણપણે પુનઃ શરૂઆતની અપેક્ષા નથી.

→ આ અહેવાલ મુજબ, વિદેશી પર્યટન પ્રત્યેનો વિશ્વાસ પુનઃ સ્થાપિત કરવા માટે COVID-19 રસીકરણ અને પ્રમાણપત્ર મહત્વપૂર્ણ છે. રસીકરણ નાના ટાપુના રાજ્યો સહિત ઘણા દેશોને જીવનનિર્વાહ આપશે જે રોજગાર પુરા પાડવા માટે મુખ્યત્વે પર્યટન ક્ષેત્ર પર આધાર રાખે છે.

→ આ મુજબ વર્ષ 2020માં આંતરરાષ્ટ્રીય આવકોમાં 2019માં પૂર્વે રોગચાળાના સ્તરોથી 73% ઘટાડો થયો હતો. આનાથી પર્યટન અને સંલગ્ન ક્ષેત્રોમાં અંદાજે $ 4 ટ્રિલિયન ડોલરનું નુકસાન થયું છે.

❖ **EUના 8 દેશોએ તેમના ક્ષેત્રમાં પ્રવેશ માટે માન્ય રસીઓની સૂચિમાં કોવિશિલ્ડનો સમાવેશ કર્યો છે.**

→ અગાઉ યુરોપિયન દેશોએ 'ગ્રીન પાસ' કોવિશિલ્ડનો સમાવેશ કર્યો ન હતો.

→ આ આઠ દેશોમાં જર્મની, ઓસ્ટ્રેલિયા, સ્લોવેનીયા, આઈસલેન્ડ, ગ્રીસ, સ્પેન, આયલેન્ડ અને સ્વિટ્ઝર્લેન્ડનો સમાવેશ છે. આ દેશો કોવિશિલ્ડ દ્વારા રસી અપાયેલ લોકોને મુસાફરીના તમામ પ્રતિબંધોમાં મુકિત આપશે.

→ ભારતે આ મુદ્દો યુરોપિયન મેડિસીન્સ એજન્સી અને ફ્રાન્સ સમક્ષ ઉઠાવ્યો હતો. તેણે યુરોપિયન યુનિયનના સભ્ય દેશોને કોવિન પોર્ટલ દ્વારા જારી રસીકરણ પ્રમાણપત્ર સ્વીકારવા વિનંતી કરી. પાછળથી, એક ઈયુ અધિકારીએ જણાવ્યું કે વ્યકિતગત દેશો રાષ્ટ્રીય સ્તરે અધિકૃત અથવા વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) દ્વારા માન્ય રસીઓ સ્વીકારી શકે છે.

→ ગ્રીન પાસ એ એક EU ડિજિટલ કોવિડ પ્રમાણપત્ર છે કે જેને 1 જુલાઈથી EU ની અંદર મુસાફરી કરવા આવશ્યક છે. તે વ્યકિતઓ યુરોપની મુસાફરી કરી શકશે જેમને તેની સૂચિમાં રસીના બે ડોઝ લીધા હોય.

❖ **હિંદ મહાસાગર નેવલ સિમ્પોઝિયમ (IONS) ની 7મી આવૃત્તિ, દ્વિવાર્ષિક કાર્યક્રમ, 28 જૂનથી 1 જુલાઈ 2021 દરમિયાન લા રેયુનિયન ખાતે ફ્રેન્ચ નૌકાદળ દ્વારા યોજવામાં આવ્યો હતો.**

→ IONS ની કલ્પના ભારતીય નૌકાદાળ દ્વારા 2008 માં કરવામાં આવી હતી.

→ IONS ની અધ્યક્ષતા ભારત, સંયુકત આરબ અમીરાત, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ અને ઈસ્લામિક રિપબ્લિક ઈરાન કરે છે. ફ્રાન્સે 29 જૂન 2021ના રોજ બે વર્ષના કાર્યકાળ માટે પ્રમુખ પદ સંભાળ્યુ.

❖ **નેપાળની સુપ્રીમ કોર્ટે નેપાળ કોંગ્રેસના પ્રમુખ શેર બહાદુર દેઉબાને નેપાળના વડા પ્રધાન તરીકે બે દિવસમાં નિયુકિત કરવાનો આદેશ આપ્યો હતો.**

❖ **કયુબાએ વિશ્વની પ્રથમ conjugate COVID-19 રસી, સોબેરાના 2 વિકસાવી છે.**

→ જ્યારે સોબેરાના 2 રસી સોબરાના પ્લસના બૂસ્ટર શોર્ટસાથે આપવામાં આવે છે, ત્યારે તે COVID-19 કેસ સામે 91% અસરકારક છે.

→ જો આ રસી મંજૂર થઈ જાય, તો કયુબા કોવિડ–19 સામે રસીની રચના અને ઉત્પાદન કરનાર પ્રથમ લેટિન અમેરિકન દેશ બનશે.

❖ **ભૂટાન તેના QR કોડ્સ માટે ભારતના યુનિફાઈડ પેમેન્ટ્સ ઈંટરફેસ (UPI) ધોરણોને અપનાવનાર પ્રથમ દેશ બન્યો છે.**

→ સિંગાપોર પછી ભૂટાન બીજો દેશ બન્યો છે જેણે વેપાર સ્થળોએ BHIM-UPI સ્વીકારી છે.

→ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) ની આંતરરાષ્ટ્રીય શાખાને NPCI ઈન્ટરનેશનલ પેમેન્ટ લિ. કહે છે. (NIPL) એ ભૂટાનની રોયલ મોનેટરી ઓથોરિટી (RMA) સાથે ભૂટાનમાં BHIM-UPI કયુઆર આધારિત ચૂકવણીઓ લાગુ કરવા ભાગીદારીની જાહેરાત કરી.

→ રુપે કાર્ડ્સ ઈશ્યુ કરવા અને સ્વીકારવા અને BHIM-UPI સ્વીકારવા માટે ભૂટાન એકમાત્ર દેશ બનશે.

❖ **ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) એ તાજેતરમાં તેનો "સ્ટેટ ઓફ ફૂડ સિકયુરિટી એન્ડ ન્યુટ્રિશન ઈન ધ વર્લ્ડ 2021" અહેવાલ પ્રકાશિત કર્યો છે.**

→ FAO નો અભ્યાસ 63 નીચા અને મધ્યમ આવકવાળા દેશોમાં કરવામાં આવ્યો હતો.

→ લોકોની આવકમાં ફેરફાર થતાં તેઓએ 5 અબજની વસ્તીને આવરી લીધી હતી. તેણે આહારની પસંદગી પર તેનો પ્રભાવ વધાર્યો છે.

→ આ અધ્યયન મુજબ આવકમાં ઘટાડો થવાને કારણે તંદુરસ્ત ખોરાકની પરવડતામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

→ કોવિડ–19 રોગચાળોએ વધારાના 141 મિલિયન લોકોને આવકના નુકસાન અને ખોરાકના વધતા ભાવોને લીધે તંદુરસ્ત આહાર પોષાય તેમ નથી.

→ 2020 ના અંત સાથે, વૈશ્વિક ગ્રાહક ખાદ્ય ભાવો 6 વર્ષમાં સૌથી વધુ હતા અને 2021 ના પ્રથમ ચાર મહિનામાં તે સતત વધતો રહ્યા છે.

→ 2020 માં, 2.37 બિલીયન લોકોને પર્યાપ્ત ખોરાક મળી શકયો નહીં. આ આંકડા 2019 ના આંકડાની તુલનામાં 320 મિલિયન લોકો વધ્યા છે.

→ 2020 માં વિશ્વભરમાં ત્રણમાંથી એક વ્યકિત પૂરતો ખોરાક મેળવી શકયો નહીં.

→ વૈશ્વિક વસ્તીના 12% લોકોએ ખોરાકની અસલામતીનો સામનો કરવો પડયો.

→ 2020 માં ખાદ્ય પદાર્થોના વપરાશમાં એકંદર ઘટાડો થયો છે. આમ, 2030 સુધી ભૂખ સમાપ્ત કરવાનું પ્રાથમિક ટકાઉ વિકાસ લક્ષ્ય અશકય બનાવ્યું છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાવાળી કેન્દ્રીય કેબિનેટે આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય (ભારત) અને આરોગ્ય અને ચિકિત્સાના ક્ષેત્રોમાં સહયોગ અંગે આરોગ્ય મંત્રાલય (ડેનમાર્ક) વચ્ચે સમજૂતી પત્ર (MoU) ને મંજૂરી આપી છે.**

→ આ દ્વિપક્ષીય MoU આરોગ્ય ક્ષેત્રે સંયુકત પહેલ અને તકનીકી વિકાસ દ્વારા બંને મંત્રાલયો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપશે અને ભારત અને ડેનમાર્ક વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવશે.

→ તે આરોગ્ય ક્ષેત્રે સંયુકત પહેલ અને સંશોધનના વિકાસ દ્વારા સહકારને પ્રોત્સાહિત કરશે.

→ આ MoU થી બંને દેશોમાં લોકોની જાહેર આરોગ્યની સ્થિતિમાં સુધારણા થશે.

❖ **સંયુકત આરબ અમીરાત ઈઝરાયલમાં દૂતાવાસ ખોલનાર અખાતનો પ્રથમ દેશ બન્યો છે.**

→ યુ.એ.ઈ.ના રાજદૂતે ઈઝરાયલમાં વેપાર અને રોકાણની તકની પ્રશંસા કરી છે.

→ સંયુકત આરબ અમીરાત દ્વારા યોજાયેલા દૂતાવાસના ધ્વજવંદન સમારોહમાં ઈઝરાયલના રાષ્ટ્રપતિ પણ હાજર રહ્યા હતા.

→ આ અગાઉ ગયા મહિને યુ.એ.ઈ.માં ઈઝરાયલના દૂતાવાસનું ઉદ્ઘાટન થયું હતું. યુ.એ.ઈ.ના રાજદૂત મોહમ્મદ અલ ખાજાએ કહ્યું કે સંબંધોને સામાન્ય બનાવ્યા પછીથી, અમે પહેલીવાર વેપાર અને રોકાણની તક અંગે ચર્ચા કરી છે.

## અર્થવ્યવસ્થા

❖ **તાજેતરમાં ભારત સરકારે ચીન, થાઈલેન્ડ, દક્ષિણ કોરિયા અને અન્ય ત્રણ દેશોમાંથી કેટલાક તાંબાના ઉત્પાદનોની આયાત પર 'એન્ટિ'ડમ્પિંગ ડયૂટી' નહીં લગાવવાનો નિર્ણય કર્યો છે.**

→ ડિરોકટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ (DGTR) એ એપ્રિલમાં તપાસ પછી ચીન, કોરિયા, મલેશિયા, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડથી 'કોપર અને કોપર એલોય ફલેટ – રોલ્ડ પ્રોડકટ્સ'ની આયાત પર ડયૂટી (કર) લાદવાની ભલામણ કરી હતી.

→ જોકે નાણાં મંત્રાલય આ ભલામણોને લાગુ કરવા માટે અંતિમ નિર્ણય લે છે અને તેના આધારે સૂચના જારી કરી છે.

❖ **તાજતેરમાં કેન્દ્ર સરકારે જાહેર ઉદ્યોગ વિભાગને નાણાં મંત્રાલય હેઠળ લાવવાનો નિર્ણય કર્યો છે.**

→ સાર્વજનિક સાહસનો વિભાગ અગાઉ ભારે ઉદ્યોગ અને જાહેર ઉદ્યોગ મંત્રાલય હેઠળ હતો. ભવિષ્યના ડિસઈન્વેસ્ટમેન્ટ યોજનાઓ સંદર્ભે સંકલનની સુવિધા માટે નાણાંમંત્રીની હેઠળ લાવવામાં આવ્યું છે. જાહેર ઉદ્યોગો વિભાગના સમાવેશ પછી હવે નાણાં મંત્રાલયમાં 6 વિભાગોનો સમાવેશ થાય છે. અન્ય પાંચ વિભાગોમાં આર્થિક બાબતોનો વિભાગ, ખર્ચ વિભાગ, મહેસૂલ વિભાગ, રોકાણ અને જાહેર સંપત્તિ સંચાલન વિભાગ અને નાણાકીય સેવા વિભાગનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે નાણાંમંત્રી શ્રી નિર્મલા સિતારામને પોતાના બજેટ ભાષણ 2021-22 માં આ ફેરફારની ઘોષણા કરી હતી.

❖ **કેન્દ્ર સરકારના મુખ્ય વિજ્ઞાનિક સલાહકારની કચેરી દ્વારા 'આત્મનિર્ભર કૃષિ એપ્લિકેશન' શરૂ કરવામાં આવી હતી.**

→ એપ્લિકેશનને કૃષિ સૂક્ષ્મ દ્રષ્ટિથી સજજ કરવા માટે વિકસાવવામાં આવી છે.

→ પાકની પસંદગી, પાણીની આવશ્યકતાઓ વગેરેથી સંબંધિત વ્યકિતગત આંતરદષ્ટિ ઉત્પન્ન કરવા માટે જમીનના પ્રકાર, જમીનના આરોગ્ય, ભેજ, હવામાન અને પાણી સંબંધિત માહિતી એકત્રિત અને વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

❖ **તાજેતરમાં કેન્દ્રીય નાણાં મંત્રાલયે 54,000 થી વધુ જીએસટી ભરનારાઓને પ્રશંસાપત્રના પ્રમાણપત્રો આપવાનો નિર્ણય કર્યો છે.**

→ પ્રશંસાના આ પ્રમાણપત્રો સમયસર રિટર્ન ભરવા અને કરની રોકડ ચૂકવણી અને ઐતિહાસિક કર સુધારણા ગુડ્ઝ અને સર્વિસ ટેકસની ચોથી વર્ષગાંઠ નિમિત્તે આપવામાં આવશે.

→ અત્યાર સુધીમાં લગભગ 66 કરોડ જીએસટી રીટર્ન ફાઈલ કરવામાં આવ્યા છે. પરિણામે, જીએસટીની આવકમાં વધારો થયો છે અને સતત આઠ મહિનાથી 1 લાખ કરોડની ઉપર છે.

❖ **આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિ (CCEA) એ રૂ. 3.03 લાખ કરોડની વીજળી વિતરણ કંપની (ડિસ્કોમ) રિફોર્મ યોજનાને મંજૂરી આપી છે.**

→ આ યોજના હેઠળ કેન્દ્રનો હિસ્સો આશરે રૂ. 97,631 કરોડ થશે. ડિસ્કોમ રિફોર્મ સ્કીમ સુધારા આધારિત પરિણામ સાથે જોડાયેલ વીજ વિતરણ ક્ષેત્રની યોજના છે તે 2025-2026 સુધી અમલમાં રહેશે. તેની જાહેરાત યુનિયન બજેટ 2021 માં કરવામાં આવી હતી. આ યોજનામાં Integrated Power Development Scheme અને દીન દયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના જેવા કાર્યક્રમો આવરી લેવામાં આવ્યા છે. યોજનામાં પાવર ફીડરથી લઈને ગ્રાહક સ્તર સુધીના વિતરણ ક્ષેત્રની સાથે ફરજિયાત સ્માર્ટ મીટરિંગ ઈકોસિસ્ટમ શામેલ છે. તે લગભગ 250 મિલિયન પરિવારોને આવરી લે છે.

→ યોજનાના અમલ માટે સરકારી સંસ્થા પાવર ફાઈનાન્સ કોર્પોરેશન (PFC) અને રૂરલ ઈલેકિટ્રફિકેશન કોર્પોરેશન (REC) ને નોડલ એજન્સીઓ તરીકે નિયુકત કરવામાં આવી છે.

→ આ યોજના તમામ ડિસ્કોમ અથવા પાવર વિભાગોની ઓપરેશનલ કાર્યક્ષમતા અને નાણાકીય સ્થિરતામાં સુધારવા માટે શરૂ કરવામાં આવી હતી. જો કે, આમાં ખાનગી ક્ષેત્રના ડિસ્કોમ શામેલ નથી. સપ્લાય ઈન્ફ્રાસ્ટ્રકચરને મજબૂત કરવા તેમને શરતી ધોરણે આર્થિક સ્થિરતા આપવામાં આવશે.

❖ **તાજેતરમાં ફિલ્પકાર્ટે ઓનલાઈન વ્યવસાય માટે તેની નવી એપ્લિકેશન 'Shopsy' લોન્ચ કરી છે.**

→ કોઈપણ રોકાણ વિના લોકોને ઓનલાઈન વ્યવસાય શરૂ કરવામાં સહાય માટે આ એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે. તે બિન–મહાનગરોમાં ઈ–કોમર્સની પહોંચને પણ વધુ તીવ્ર બનાવશે.

→ એકવાર વપરાશકર્તાઓ એપ્લિકેશન પર નોંધણી કરાવે છે, તે ફિલ્પકાર્ટ વેચાણકર્તાઓ દ્વારા ઓફર કરેલા 150 મિલિયન ઉત્પાદનોની કેટલોગને શેર કરી શકશે. તેમાં સૌંદર્ય, ફેશન, મોબાઈલ, ઈલેકટ્રોનિકસ જેવા ઉત્પાદનો હશે.

→ વપરાશકર્તાઓ આ એપ્લિકેશન પર તેમના ફોન નંબર સાથે નોંધણી કરાવી શકે છે અને તેમની ઓનલાઈન ઉદ્યોગસાહસિક પ્રવાસ શરૂ કરી શકે છે.

→ Shopsy વપરાશકર્તાઓ લોકપ્રિય સોશિયલ મીડિયા અને મેસેજિંગ એપ્લિકેશન્સ દ્વારા સંભવિત ગ્રાહકો સાથે કેટલોગ શરૂ કરી શકે છે. તેઓ તેમની વતી ઓર્ડર પણ આપી શકે છે અને દરેક વ્યવહાર પર કમિશન કમાવી શકે છે. ઓર્ડર આપવામાં આવતા ઉત્પાદનોની કેટેગરીના આધારે કમિશનની ટકાવારી બદલાશે.

→ Shopsy એપ્લિકેશન સાથે, ફિલ્પકાર્ટનો હેતુ 2023 સુધીમાં 25 મિલિયનથી વધુ ઓનલાઈન સાહસિકોને સક્ષમ કરવા ડિજિટલ વાણિજ્યને સક્ષમ બનાવવાનો છે.

ગુજરાત પોલીસ લોકરક્ષક ભરતી - 2020/21

# કોન્સ્ટેબલ



## 7000+ અંદાજીત જગ્યાઓ

| | |
|---|---|
| શારીરિક ક્ષમતા | ઊંચાઈનું ધોરણ : પુરુષ - 165 સેમી (અનુ.જનજાતિ પુરુષ - 162 સેમી)<br>મહિલા - 155 સેમી (અનુ. જનજાતિ મહિલા - 150 સેમી |
| વજનનું ધોરણ | પુરુષ - 50 કિગ્રા<br>મહિલા - 40 કિગ્રા |
| Chest | ફક્ત પુરુષ ઉમેદવાર (તમામ) માટે જરૂરી<br>ફૂલાવ્યા વગરની - 79 સેમી, ફૂલાવેલી - 84 સેમી |
| કોમ્પ્યુટર જ્ઞાન | 10th/12th/Diploma/સ્નાતક કક્ષાએ કોમ્પ્યુટર વિષય તરીકે અભ્યાસ અથવા સરકાર માન્ય સંસ્થા માંથી "CCC" સર્ટિફિકેટ હોવું જરૂરી છે |

| | |
|---|---|
| Education Qualification | 12th Pass or Graduate |
| Age Limit | 18 to 33 years<br>સામાન્ય કેટેગરી મહિલાઃ (+5 વર્ષ)<br>અનામત કેટેગરી પુરુષો(SC/ST/OBC/EWS વગેરે): (+5 વર્ષ)<br>અનામત કેટેગરી મહિલા(SC/ST/OBC/EWS વગેરે): (+10 વર્ષ) |
| Online Form | Oct./Nov. - 2021 (સંભવીત) |
| Exam Date | ઓનલાઈન ફોર્મ ભર્યા પછી જાહેર થશે |

Admissions OPEN

નવા વર્ગો ટૂંક સમય માં શરૂ

## ભાગ - 1 : લેખિત કસોટી - હેતુલક્ષી

પ્રશ્નો : 100 ગુણ : 100 સમય : 1 કલાક

| | | | | |
|---|---|---|---|---|
| ૧. સામાન્ય જ્ઞાન<br>૨. ઈતિહાસ<br>૩. ભૂગોળ | ૪. ભારતનું બંધારણ<br>૫. વિજ્ઞાન<br>૬. મનોવિજ્ઞાન | ૭. કમ્પ્યુટર જ્ઞાન<br>૮. સમાજશાસ્ત્ર<br>૯. મેન્ટલ એબીલિટી<br>૧૦. વર્તમાન પ્રવાહો | ૧૧. ક્રિમિનલ પ્રોસિજર કોડ - 1973<br>૧૨. ઈન્ડિયન પીનલ કોડ - 1860<br>૧૩. એવિડન્સ એક્ટ - 1872 | Law |

આજે જ સંસ્થા ની મુલાકાત લો...

## ભાગ - 2 શારીરિક કસોટી ગુણ : 25

| | | |
|---|---|---|
| પુરુષ | 5000 મીટર દોડ | વધુમાં વધુ 25 મિનિટમાં |
| મહિલા | 1600 મીટર | વધુમાં વધુ 9 મિનિટ અને 30 સેકન્ડમાં |
| એક્સ સર્વિસ મેન | 2400 મીટર | વધુમાં વધુ 12 મિનિટ અને 30 સેકન્ડમાં |

નોંધ : પોલીસ ખાતાકીય અધિકારીઓ દ્વારા Physical Test નુ માર્ગદર્શન

For Latest Vacancies & Updates Kindly visit @ www.bankingacademy.co.in

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

Surat (Head Office) Ph. : 96629 00564
Varachha (Surat) Ph. : 70464 16555
Vyara Ph. : 90998 64658
Valsad Ph. : 81401 37555
Navsari Ph. : 70466 41555

Join our Telegram Channel @bankingacademygpscbank

Follow us on

❖ **આંતરરાષ્ટ્રીય લેબર ઓર્ગેનાઈઝેશન (ILO) એ આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કામદારો પર પોતાનો અહેવાલ પ્રકાશિત કર્યો છે.**

→ આ અહેવાલ COVID-19 રોગચાળા અને વૈશ્વિક ઔદ્યોગિકરણની વચ્ચે પ્રકાશિત કરવામાં આવ્યો છે, જેણે રોજગારની શોધમાં સરહદ પાર કરતા કામદારોની બદલી સાથે વિશ્વની અર્થવ્યવસ્થાને અસર કરી છે.

→ ILOનાં રિપોર્ટ અનુસાર, વૈશ્વિક સ્તરે આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કરનારા કામદારોની સંખ્યા વધીને 169 મિલિયન થઈ છે, 2017 થી આમાં 3% નો વધારો થયો છે.

→ યુવા સ્થળાંતર કામદારો (15-24 વર્ષની વયના) ભાગમાં પણ 2017 થી લગભગ 2% (3.2 મિલિયન) નો વધારો થયો છે.

→ કોવિડ–19 રોગચાળાએ આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કરનારા કામદારોની પાયા વગરની સ્થિતિનો પર્દાફાશ કર્યો છે કારણ કે આ સંખ્યા 164 મિલિયન થી વધીને 169 મિલિયન થઈ ગઈ છે.

→ સ્ત્રીઓ ઓછી વેતનવાળી અને ઓછી કુશળ નોકરીમાં વધુ પ્રતિનિધિત્વ કરે છે.

→ મહિલા સ્થળાંતર કામદારોની સામાજિક સુરક્ષા અને સહાયક સેવાઓ માટે ઓછા વિકલ્પોની મર્યાદિત પહોંચ છે.

→ બધા સ્થળાંતર કામદારોમાંથી 3% યુરોપ, મધ્ય એશિયા અને અમેરિકામાં હાજર છે. 2017 માં સ્થળાંતર કામદારોએ વિશ્વની આંતરરાષ્ટ્રીય સ્થળાંતર વસ્તીના લગભગ 59% આવરી લીધા.

❖ **કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે મધ્ય પ્રદેશના ગ્વાલિયરમાં રાષ્ટ્રીય બાગાયતી બોર્ડ (NHB) કેન્દ્ર શરૂ કર્યું છે.**

→ દેશમાં હાઈટેક વ્યાપારી બાગાયતી અને લણણી પછીના મેનેજમેન્ટ / કોલ્ડ ચેઈન ઈન્ફ્રાસ્ટ્રકચરના સંકલિત વિકાસ માટે NHB ફરજિયાત છે.

→ દેશમાં વિવિધ સ્થળોએ તેના કેન્દ્રો / કચેરીઓ છે અને લગભગ દરેક રાજ્યમાં ઓછામાં ઓછું એક કેન્દ્ર હોય છે.

❖ **MSMEs મંત્રી, નીતિન ગડકરીએ 2 જુલાઈ, 2021ના રોજ માઈક્રો, નાના અને મધ્યમ (MSMEs) સાહસો હેઠળ રિટેલ અને જથ્થાબંધ વેપાર સહિત, MSMEs માટે સુધારેલી માર્ગદર્શિકા જાહેર કરી.**

→ રિટેલ અને જથ્થાબંધ વેપારના સમાવેશનો અર્થ એ છે કે રિટેલ અને જથ્થાબંધ વેપારીઓ RBI ની માર્ગદર્શિકા હેઠળ અગ્રતા ક્ષેત્રમાં ધિરાણ જેવા લાભો પ્રાપ્ત કરી શકશે.

→ MSMEs મંત્રીના જણાવ્ય મુજબ સુધારેલી માર્ગદર્શિકાથી 5 કરોડ રિટેલ અને જથ્થાબંધ વેપારીઓને ફાયદો થશે અને તે ઉદ્યમ પોર્ટલ પર નોંધણી કરાવી શકશે.

→ આનાથી વેપારીઓ મૂડીની પહોંચ કરવામાં સક્ષમ બનશે જે કોવિડ–19 રોગચાળા વચ્ચે ભારે ફટકો પડયો છે.

→ આ સમાવેશ સાથે, છેલ્લા એક વર્ષમાં જાહેર કરવામાં આવેલા MSMEs ક્ષેત્રના અનેક પગલા હવે રિટેલ અને જથ્થાબંધ વેપારીઓ પર પણ લાગુ થશે.

→ આ રીતે નાના રિટેલરો અને વેપારીઓ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કોવિડ–19 સંબંધિત તણાવ માટે જાહેર કરાયેલ ઠરાવ માળખાનો લાભ લઈ શકશે.

→ તે આત્મનિર્ભર ભારત હેઠળ જાહેર કરાયેલ યોજનાઓ દ્વારા ઈન્સ્ટન્ટ ફાઈનાન્સ મેળવવા માટે 250 કરોડ રૂપિયાના ટર્નઓવર સાથે નાના રિટેલર્સને સક્ષમ કરે છે.

❖ **ભારત અને OECD – જી 20 Inclusive Framework on Base Erosion & Profit Shifting સભ્યોએ એક સ્ટેટમેન્ટ અપનાવ્યું હતું.**

→ જે અર્થવ્યવસ્થાના ડિજિટલાઈઝેશનથી ઉદ્ભવતા વેરા સંબંધિત પડકારોને પહોંચી વળવા સર્વસંમતિના સમાધાનની રૂપરેખા આપે છે.

→ આ સૂચિત ઉકેલમાં બે ઘટકો શામેલ છે : પ્રથમ આધારસ્તંભ એ બજારના અધિકારક્ષેત્રોમાં વધારાના નફાના શેરને ફરીથી સ્થાનાંતરિત કરવાનો છે અને બીજા સ્તંભમાં ન્યૂનતમ કર અને કરના નિયમો શામેલ છે.

❖ **ICICI બેંકે મેડિકલ ડોકટરો માટે ભારતનો સૌથી વ્યાપક બેન્કિંગ સોલ્યુશન શરૂ કર્યું છે.**

→ 'સેલ્યુટ ડોકટર' તરીકે નામના, આ સોલ્યુશન દરેક ડોકટર માટે વૈવિધ્યપૂર્ણ બેન્કિંગની સાથે મૂલ્ય વર્ધિત સેવાઓ પ્રદાન કરે છે.

→ આ પહેલ ડિજિટલ બેન્કિંગ પ્લેટફોર્મ ICICI સ્ટેક દ્વારા સંચાલિત છે. ઉકેલો મોટે ભાગે ડિજિટલ અને ઈન્સ્ટન્ટ હોય છે.

❖ **કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ અને માહિતી અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે ઈન્વેસ્ટ ઈન્ડિયાને OCO Global દ્વારા વિશ્વની સૌથી નવીન પ્રમોશન એજન્સી 2021 એનાયત કરવા બદલ અભિનંદન પાઠવ્યા છે.**

→ ઈન્વેસ્ટ ઈન્ડિયા એ ભારતની રાષ્ટ્રીય નિવેશ સંવર્ધન અને સુવિધા એજન્સી છે. આની સ્થાપના 2009માં ઉદ્યોગ અને આંતરિક સંવર્ધન વિભાગના બિન–લાભકારી એન્ટરપ્રાઈઝ તરીકે કરવામાં આવી હતી.

❖ **બ્લૂમબર્ગ ડેટા અનુસાર જૂન 2021 માં વિશ્વ બજારના મૂડીકરણ (World Market Capitalization) માં ભારતનો હિસ્સો 2.60% હતો જે વધતો જોવા મળે છે.**

→ લાંબાગાળના સરેરાશ 45% ની તુલનામાં ભારતે વિશ્વ બજારના મૂડીકરણમાં તેનો હિસ્સો વધાર્યો.

→ મે 2020માં, જ્યારે કોરોના વાયરસની પ્રથમ વેવ વૈશ્વિક ઈકિવટી બજારોમાં પડી ત્યારે ભારતનો હિસ્સો ઘટીને 05% ઘટયો હતો, જો કે, ત્યારથી, ઈકિવટી શેર વધી રહ્યો છે.

→ જૂન 2021 માં ભારતનું માર્કેટ કેપિટલાઈઝેશન એક વર્ષમાં 66% વધીને 02 ટ્રિલિયન થયું છે. આ વૈશ્વિક બજાર–મૂડીકરણમાં 44% વૃદ્ધિ કરતા આગળ વધી છે.

❖ **દ્વિપક્ષીય નાણાકીય સંબંધોને મજબૂત બનાવવા માટે તાજેતરમાં India-UK-Financial Markets Dialogue (FMD) એ તેની પ્રથમ વર્ચ્યુઅલ બેઠક યોજી હતી.**

→ ચાર મુખ્ય મુદ્દાઓ પર સહયોગ વધારવા માટે વાટાઘાટો દરમિયાન G2G વાટાઘાટો થઈ હતી :
ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક (ગિફ્ટ) સિટી, બેંકિંગ અને ચૂકવણી, વીમા, મૂડી બજાર

→ આ બેઠકની અધ્યક્ષતા યુકે ટ્રેઝરી અને ભારતીય નાણાં મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ કરી હતી.

❖ **તાજેતરમાં વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીયલ લેન્ડ બેંક ડિસેમ્બર 2021 સુધીમાં અખિલ ભારત એકીકરણ પ્રાપ્ત કરશે.**

→ ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીયલ લેન્ડ બેંક સિસ્ટમ (IILB) ને 17 રાજ્યોની ઉદ્યોગ આધારિત જીઆઈએસ સિસ્ટમ્સ સાથે એકીકૃત કરવામાં આવી છે.

→ આ સિસ્ટમ એકીકૃત કરવામાં આવી હતી જેથી વિગતો વાસ્તવિક સમયના આધારે પોર્ટલ પર અપડેટ થઈ શકે.

→ IILB એ GIS (Geographic Information System) આધારિત પોર્ટલ છે અને તે તમામ ઔદ્યોગિક માળખાગત સુવિધાઓ સંબંધિત સ્ટોપ રીપોઝીટરી તરીકે કામ કરે છે. (Industrial Information System – IIS) ને રાજ્ય GIS સાથે એકીકૃત કરીને લેન્ડ બેંક સિસ્ટમ વિકસાવવામાં આવી હતી. તેમાં હાલમાં 5000 હેકટર જમીનમાં મેપ કરેલા 4000 ઔદ્યોગિક પ્લોટ છે. આ પોર્ટલ રોકાણકારો માટે નિર્ણય સહાયક સિસ્ટમ તરીકે કાર્ય કરે છે જેઓ દૂરથી જમીનની શોધ કરે છે.

❖ **ખાદી અને વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન (KVIC) એ તેના બ્રાન્ડ નામ "ખાદી" માટે મેકિસકો, ભૂટાન અને સંયુકત આરબ અમીરાત (યુએઈ) માં ત્રણ દેશોમાં ટ્રેડમાર્ક નોંધણી કરાવી છે.**

→ KVIC એ 9 જુલાઈએ ભૂટાનમાં ટ્રેડમાર્ક નોંધણી કરાવી છે.

→ યુએઈએ 28 જૂન, 2021 ના રોજ ટ્રેડમાર્ક નોંધણીની મંજૂરી આપી.

→ આમ, KVIC પ્રથમ વખત ગલ્ફ દેશમાં સફળતાપૂર્વક ટ્રેડમાર્ક નોંધણી કરી છે.

→ KVIC ને ડિસેમ્બર 2020 માં મેકિસકોમાં "ખાદી" માટે ટ્રેડમાર્ક નોંધણીની મંજૂરી મળી હતી.

❖ **તાજતેરમાં નેશનલ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની (NARC) એ રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ (RoC) મુંબઈમાં નોંધાયેલ કાનૂની એન્ટિટી બની ગઈ છે.**

→ NARC ને બેડ બેંક પણ કહેવામાં આવે છે તેને બેન્કિંગ સિસ્ટમની તણાવપૂર્ણ અસ્કયામતોના વન સ્ટોપ સોલ્યુશન તરીકે ગણવામાં આવે છે.

→ પ્રથમ તબક્કા હેઠળ, NARC માં ટ્રાન્સફર કરવા માટે રૂ. 89,000 કરોડના 22 સ્ટ્રેસ ખાતાની ઓળખ કરવામાં આવી છે.

→ આ સાથે બે લાખ કરોડ રૂપિયાના બેડ લોન એકાઉન્ટ્સ આ નવી બેડ બેંકમાં ટ્રાન્સફર કરવામાં આવશે.

→ SBI 20,000 કરોડ રૂપિયાની બેડ લોન ટ્રાન્સફર કરે તેવી અપેક્ષા છે.

→ PNB આશરે 8000 કરોડની સ્ટ્રેસ યુકત સંપત્તિ સ્થાનાંતરિત કરશે. જ્યારે, યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા આશરે 7800 કરોડના એનપીએ ટ્રાન્સફર કરશે.

→ NARC ની રચના 7 જુલાઈ, 2021 ના રોજ કરવામાં આવી હતી. તેની પાસે 100 કરોડની અધિકૃત મૂડી અને 6 કરોડ રૂપિયાની ચૂકવણી મૂડી છે.

→ 16 બેંકો, 12 સરકારી અને 4 ખાનગી બેંકો NARL માં રોકાણ કરશે. કેનેરા બેન્ક NARL ની એકમાત્ર પ્રયોજક હશે જેમાં 12% હિસ્સો છે.

→ SBI 9.9% સાથે બીજા ક્રમે સૌથી મોટુ શેરહોલ્ડર બનવા જઈ રહ્યું છે. NARC નું નેતૃત્વ એસબીઆઈના સ્ટ્રેસ વાળું સંપત્તિ નિષ્ણાત પદ્મકુમાર માધવાની મેનેજિંગ ડિરેકટર તરીકે કરશે.

❖ **કોલ ઈન્ડિયા લિમિટેડ (CIL) એ CIL ની 7 પસંદ કરેલી ઓપનકાસ્ટ માઈન્સમાં ખાણ પ્રક્રિયાના ડિજિટાઈઝેશન માટે એકસેન્સર સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડની સલાહકાર તરીકે નિમણૂંક કરી છે. આ પગલાનું પ્રદર્શન ગતિ અને ઉત્પાદન વધારવાનો છે.**

→ આ સલાહકાર ડિજિટાઈઝેશન અને પ્રક્રિયા શ્રેષ્ઠતાના અમલીકરણને સહાય કરશે.

→ તે નક્કી કરેલ ખાણોમાંથી 100 મિલિયન ટન કોલસાનું ઉત્પાદન વધારવાની ખાતરી પણ કરશે.

→ તે અડચણો દૂર કરવામાં અને સુધારાત્મક પગલાં લેવામાં પણ મદદ કરશે.

→ તે ઓછા ખર્ચે વધુ કોલસો કાઢવાનો પ્રયાસ કરશે.

❖ **ભારતીય રિઝર્વ બેન્ક (RBI) એ 12 જુલાઈ, 2021 ના રોજ "RBI રિટેલ ડાયરેકટ સુવિધા" યોજના શરૂ કરી.**

→ RBI ની રિટેલ ડાયરેકટ સ્કીમ વ્યકિતગત રોકાણકારો દ્વારા સરકારી સિકયોરિટીઝ (G-Sec) માં રોકાણની સુવિધા માટે વન સ્ટોપ સોલ્યુશન છે.

→ આ યોજના હેઠળ રિટેલ રોકાણકારોને RBI સાથે Retail Direct Gilt Account (RDG Account) ખોલવા અને જાળવવા માટેની સુવિધા આપવામાં આવશે.

→ સરકારી સિકયોરિટીઝમાં છૂટક ભાગીદારી વધારવા તરફ ચાલુ પ્રયત્નોના ભાગ રૂપે આ સુવિધા રજૂ કરવામાં આવી હતી.

❖ **રિઝર્વ બેંકે માસ્ટરકાર્ડ એશિયા / પેસિફિક પ્રા.લિ. પર 22 જુલાઈ, 2021 થી નવા સ્થાનિક ગ્રાહકોને ઉમેરવા પર પ્રતિબંધ મૂકયો છે.**

→ માસ્ટરકાર્ડને ડેબિટ, ક્રેડિટ અથવા પ્રીપેઈડ કાર્ડ્સ માટે તેના નેટવર્કમાં ગ્રાહકોને ઉમેરવાની મંજૂરી આપવામાં આવશે નહીં, કારણ કે માસ્ટરકાર્ડ ચૂકવણી સિસ્ટમ ડેટાના સંગ્રહ પરના સૂચનોનું પાલન કરવામાં નિષ્ફળ ગયું છે.

❖ **કેન્દ્રીય કેબિનેટે કેન્દ્ર સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થામાં વધારો અને પેન્શનરોને મોંઘવારી રાહતમાં હાલના મૂળભૂત પગાર અને પેન્શનના 17 ટકાથી વધારીને 28 ટકા કરવાની મંજૂરી આપી છે.**

→ આ નિયમ 1 જુલાઈ 2021 થી લાગુ થશે.

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

❖ **બિન સરકારી સંગઠન (એનજીઓ) ગ્રીનપીસ ના અભ્યાસ અનુસાર, છેલ્લા એક વર્ષના સમયગાળા દરમિયાન દિલ્હીમાં નાઈટ્રોજન ડાયોકસાઈડ (NO2) માં 125% નો વધારો થયો છે.**

→ આ અધ્યયનમાં ભારતના સૌથી વધુ વસ્તીવાળા શહેરો મુંબઈ, દિલ્હી, બેંગલુરૂ, હૈદરાબાદ, ચેન્નાઈ, કોલકાતા, જયપુર અને લખનઉમાં NO2 ના સાંદ્રતાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.
→ આ અહેવાલ મુજબ, આઠ પાટનગરમાં એપ્રિલ 2020 અને એપ્રિલ 2021 ની વચ્ચે NO2 પ્રદૂષણ વધ્યું છે.
→ આ ગાળામાં દિલ્હીમાં સૌથી વધુ વૃદ્ધિ નોંધાઈ છે. હૈદરાબાદમાં NO2 પ્રદૂષણમાં 69% વધારો થયો છે.
→ આ સમયગાળા દરમિયાન, ચેન્નાઈમાં 94% બેંગ્લોર 90%, મુંબઈમાં 69% જયપુરમાં 47% લખનઉમાં 32% અને કોલકાતામાં 11% વધારો થયો છે.

❖ **સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) અને ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) એ સંરક્ષણ ટેકનોલોજીમાં નિયમિત M.Tech કાર્યક્રમ શરૂ કર્યો છે.**
→ સંરક્ષણ તકનીકીના ક્ષેત્રમાં આવશ્યક સૈદ્ધાંતિક અને વ્યવહારુ જ્ઞાન, કુશળતા અને યોગ્યતાઓ પ્રદાન કરવા માટે આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.
→ એમ.ટેક ઈન ડિફેન્સ ટેકનોલોજી પ્રોગ્રામ કોઈપણ AICTE સંલગ્ન સંસ્થાઓ અથવા યુનિવર્સિટીઓ એનઆઈટી, આઈઆઈટી અથવા ખાનગી ઈજનેરી સંસ્થાઓમાં લઈ શકાય છે.
→ ઈન્સ્ટિટયૂટ ઓફ ડિફેન્સ સાયન્ટિસ્ટ્સ અને ટેકનોલોજિસ્ટ્સ (IDST) આ તમામ સંસ્થાઓને ટેક પ્રોગ્રામો કરવામાં મદદ કરશે.

❖ **નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC) લિમિટેડએ ફલાય એશના 100% ઉપયોગના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવના પ્રયત્નો ભાગ રૂપે મધ્ય–પૂર્વ અને અન્ય પ્રદેશમાં નિયુકત છોડમાંથી ફલાય એશના વેચાણ માટે 'એકસપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ'ને આમંત્રણ આપ્યું છે.**
→ 'ફલાય એશ' થર્મલ પાવર ઉત્પાદનમાં કોલસો સળગવાથી ઉત્પન્ન થતું ઉત્પાદન છે.
→ ફલાયએશમાં સિલિકોન ડાયોકસાઈડ (SiO2), એલ્યુમિનિયમ ઓકસાઈડ (AL2O3), ફેરીક ઓકસાઈડ (Fe2O3) અને કેલ્શિયમ ઓકસાઈડ (CaO) નોંધપાત્ર પ્રમાણમાં જોવા મળે છે.
→ ફલાયએશનો ઉપયોગ કોંક્રિટ અને સિમેન્ટ ઉત્પાદનો, રોડ બેઝ, મેટલ રીકવરી અને મિનરલ ફિલર વગેરેમાં થાય છે. આ ઉપરાંત બિલ્ડિંગ બાંધકામમાં ફલાય ઈંટોના ઉપયોગને પ્રોત્સાહન આપવા NTPCએ તેના કોલસા આધારિત થર્મલ પાવર પ્લાન્ટમાં ફલાયએશ ઈંટ મેન્યુફેકચરિંગ પ્લાન્ટ સ્થાપયા છે.

❖ **તાજેતરમાં COWIN Global Conclaveનું આયોજન કરાયું હતું.**
→ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આ સંમેલનને સંબોધન કર્યુ હતું. આ CoWIN Global Conclave માં વિવિધ દેશોના નિષ્ણાંતો સામેલ થયા હતા. જેમાં મેકિસકો , કેનેડા, નાઈજીરીયા, યુગાન્ડા અને પનામા જેવા 50 જેટલા દેશોએ આ સમેલનમાં ભાગ લીધો હતો. ભારત અન્ય દેશોને તેમની કોવિડ–19 રસીકરણ અભિયાન હાથ ધરવા માટે કોવિન પ્લેટફોર્મ આપશે. કોવિન ગ્લોબલ કોનકલેવ એ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય અને NHA ની સંયુકત પહેલ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી ડો. હર્ષવર્ધને આ કોન્ફલેવનું ઉદ્દઘાટન કર્યુ હતું. કો–વીન દ્વારા કોવિડ–19 સામે લડવા માટે યુનિવર્સલ ઈમ્યુનાઈઝેશન સંદર્ભે ભારતના અનુભવને વહેંચવાના હેતુથી આ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું.

❖ **તાજેતરમાં Drugs Controller General of India એ મુંબઈ સ્થિત ફાર્માસ્યુટિકલ કંપની સિપ્લા (Cipla)ને મોડર્નાની COVID-19 રસીને ભારતમાં મર્યાદિત ઈમરજન્સી ઉપયોગ માટે આયાત કરવાની મંજૂરી આપી છે.**
→ મોડર્ના રસી એ કોવેકિસન, કોવિશિલ્ડ અને સ્પુતનિક પછી ભારતમાં ચોથી COVID-19 રસી (વેકિસન) હશે.
→ 'મોડર્ના કોવિડ–19 રસીએ અમેરિકાની મોડર્ના ફાર્માસ્યુટિકલ દ્વારા નિર્મિત રસી છે. મોડર્નાની રસી mRNA એ કોષોને કોરોના વાયરસ સામે પ્રતિરક્ષા ઉત્પન્ન કરવામાં મદદ કરે છે. આ રસીની અસરકારકતા 90% કરતા વધારે છે.

❖ **Coalition for Negative Emissions (CNE) & McKinsey દ્વારા બહાર પાડવામાં આવેલા એક અહેવાલ મુજબ, ચાલુ પ્રોજેકટ્સ 2025 હવામાન પલટાના લક્ષ્યાંકને પહોંચી વળવા માટે માત્ર હવાથી કાર્બન ડાયોકસાઈડનો અમુક જથ્થો હટાવી શકાશે.**
→ લગભગ 190 દેશોએ પેરિસ કરાર પર હસ્તાક્ષર કર્યા છે જે ગ્લોબલ વોર્મિંગને 1.5 ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવા માગે છે.
→ આ અહેવાલ મુજબ, ગ્લોબલ વોર્મિંગને પેરિસ કરારમાં રાખવાનું $5^{\circ}$ સે લક્ષ્ય, 2025 સુધીમાં વૈશ્વિક સ્તરે 1 ગીગાટોન નકારાત્મક ઉત્સર્જન વિના પ્રાપ્ત કરી શકાતું નથી.
→ રિપોર્ટમાં હાઈલાઈટ કરવામાં આવ્યું છે, જો પેરિસના લક્ષ્યાંકને પૂર્ણ કરવામાં આવે તો દેશોએ 2025 સુધીમાં વાતાવરણમાંથી એક અબજ ટન $CO_2$ દૂર કરવાનું રહેશે.

❖ **તાજેતરમાં ગૂગલે આઈટીના નિયમોનું પાલન કરીને તેનો પારદર્શિતા અહેવાલ બહાર પાડયો હતો.**
→ ગૂગલના જણાવ્યા અનુસાર, તેને એપ્રિલ 2021 માં કુલ 27,762 ફરિયાદો મળી હતી, જ્યારે દૂર કરવાની સંખ્યા 59,350 હતી.
→ ગૂગલ એ પહેલી વૈશ્વિક ટેક કંપની છે કે જેણે Information Technology (Guidelines for Intermediaries and Digital Media Ethics Code) Rules, 2021 ના પાલનમાં તેના પારદર્શિતા અહેવાલને પ્રકાશિત કર્યો છે.
→ આ પ્રથમ વખત છે કે ગૂગલે નવા આઈટી નિયમો અનુસાર માસિક પારદર્શિતા અહેવાલો પ્રકાશિત કર્યો છે.
→ ગૂગલે પ્રાપ્ત કરેલી ફરિયાદોમાંથી લગભગ 96% (26,707) કોપિરાઈટ સમસ્યાઓથી સંબંધિત છે. લગભગ 3 ટકા (357) ફરિયાદો ટ્રેડમાર્કથી સંબંધિત છે.
→ ગૂગલ અનુસાર, કેટલીક ફરિયાદો અથવા વિનંતીઓ બૌદ્ધિક સંપત્તિ હકોના ઉલ્લંઘનનો આરોપ લગાવી શકે છે, જ્યારે અન્ય સ્થાનિક કાયદાઓના ઉલ્લંઘનનો દાવો કરે છે.
→ નવા આઈટી નિયમો મુજબ 5 મિલિયનથી વધુ વપરાશકર્તાઓ સાથેના ડિજિટલ પ્લેટફોર્મ પર દર મહિને સમયાંતરે પાલન અહેવાલો પ્રકાશિત કરવા પડશે.

❖ **ટેસ્લા અને સ્પેસએકસના ચીફ એકિઝકયુટિવ એલોન મસ્ક અનુસાર, સ્ટારલિંક ટૂંક સમયમાં વૈશ્વિક ઈન્ટરનેટ કવરેજ પ્રદાન કરશે. સ્ટારલિંક હાલમાં 12 દેશોમાં 70,000 થી વધુ વપરાશકર્તાઓ ધરાવે છે.**

→ તેમણે કહ્યું હતું કે સ્પેસએક્સ આગામી 12 મહિનામાં 5 મિલિયન વપરાશકર્તાઓને આવરી લેવા માટે સ્ટારલિંકના વિસ્તરણ માટે લગભગ 30 અબજ ડોલર ખર્ચ કરશે.

→ સ્ટાર્ટલિંક ધ્રુવો સિવાય દરેક જગ્યાએ ઈન્ટરનેટ નેટવર્ક પ્રદાન કરશે. સ્ટારલિંક બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સેવા પ્રદાન કરવા માટે સ્પેસએક્સની ઉપગ્રહ શકિતનો ઉપયોગ કરે છે હાલમાં તે નીચી ભ્રમણકક્ષામાં 1,500 સ્પેસએક્સ ઉપગ્રહોનો ઉપયોગ કરે છે પરંતુ એલોન મસ્ક તેની સંખ્યા વધારીને 12,000 કરવાની યોજના ધરાવે છે.

❖ **ભારતના પહેલા સ્વદેશી 'ડ્રોન ડિફેન્સ ડોમ' નામનું "ઈન્દ્રજાલ" હૈદરાબાદ સ્થિત 'ટેકનોલોજી આર એન્ડ ડી' કંપની 'ગ્રીન રોબોટિકસ' દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવ્યું છે.**

→ આ 'ડ્રોન સંરક્ષણ ગુંબજ', માનવરહિત હવાઈ વાહનો (UAV), શસ્ત્રો છોડવા અને લો–રડાર ક્રોસ સેકશન (RCS) જેમ કે હવાઈ હુમલા, મૂલ્યાંકન અને આપમેળે 1000-2000 ચો.કિ.મી. ક્ષેત્રને સુરક્ષિત કરવામાં સક્ષમ છે.

❖ **તાજેતરમાં 'સરલ સંચાર પોર્ટલ'નું વિસ્તરણ ટેલિકમ્યુનિકેશન્સ ડિપાર્ટમેન્ટ (DoT) દ્વારા કરવામાં આવ્યું છે.**

→ સરલ સંચાર (Simplified Application for Registration and Licenses – SARAL) એ વિવિધ પ્રકારના લાઈસેંસ અને નોંધણી પ્રમાણપત્રો આપવા માટેનું વેબ આધારિત પોર્ટલ છે. આ પોર્ટલ પરથી ઈન્ટિગ્રેટેડ લાઈસન્સ વર્ચ્યુઅલ નેટવર્ક ઓપરેટર, WPC લાઈસન્સ (વાયરલેસ પ્લાનિંગ અને કોઓર્ડિનેશન) પ્રકારના લાઈસન્સ વગેરે બહાર પાડવામાં આવે છે.

❖ **ભારે અને જાહેર ઉદ્યોગ મંત્રાલયે 6 ટેકનોલોજી ઈનોવેશન પ્લેટફોર્મ લોન્ચ કર્યા.**

→ આ ટેકનોલોજી પ્લેટફોર્મ ભારતભરમાં વૈશ્વિક સ્પર્ધાત્મક ઉત્પાદન માટે તકનીકી વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

→ IISc., બેંગ્લોરના સહયોગથી IIT-મદ્રાસ, ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઓટોમોટિવ ટેકનોલોજી (iCAT), સેન્ટ્રલ મેન્યુફેકચરિંગ ટેકનોલોજી ઈન્સ્ટિટયૂટ (CMTI), BHEL, HMT અને ઓટોમોટિવ રિર્સચ એસોસિએશન ઓફ ઈન્ડિયા (ARAI) દ્વારા વિકસાવવામાં આવ્યા છે.

→ આ પ્લેટફોર્મ સ્ટાર્ટ–અપ્સ, ટીયર–1, ટીયર–2 અને ટીયર–3 કંપનીઓ, ઉપકરણોના ઉત્પાદકો અને કાચો માલ ઉત્પાદકો જેવા ઉદ્યોગોની સુવિધા માટે વિકસિત અને લોંચ કરવામાં આવ્યા છે.

→ તે સંશોધન અને વિકાસ અને અન્ય તકનીકી પાસાઓ પર જ્ઞાનના આદાનપ્રદાનને પણ સરળ બનાવશે.

→ આ પ્લેટફોર્મ્સ પર આશરે 39,000 જેટલા વિદ્યાર્થીઓ, સંસ્થાઓ, નિષ્ણાંતો, ઉદ્યોગો અને પ્રયોગશાળાઓ નોંધણી કરાવી ચુકયા છે.

❖ **ચાઈનાના અવકાશયાત્રીઓએ 4 જુલાઈ, 2021 ના રોજ, ચાઈનાનો પ્રથમ સ્પેસવોક સફળતાપૂર્વક પાર પાડયો છે.**

→ તેણે પૃથ્વીની આજુબાજુના ભ્રમણકક્ષામાં નવા Tiangong Station ની બહાર સાત કલાક કામ કર્યુ.

→ ચીનના મહત્વાકાંક્ષી અંતરિક્ષ કાર્યક્રમમાં Tiangong નું નિર્માણ એક મોટું પગલું છે. જૂન 2021 માં, ત્રણ અવકાશયાત્રીઓ અંતરિક્ષ સ્ટેશન પર લોન્ચ કરવામાં આવ્યું હતું.

→ આ મિશનમાં અવકાશયાત્રીઓ ત્રણ મહિના અવકાશમાં રહેશે, જેને ચીનનું અત્યાર સુધીનું સૌથી લાંબી ક્રુ મિશન કહેવામાં આવે છે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય આયુષ મંત્રી કિરણ રીજજૂએ આયુર્વેદિક દવાની કિલનીકલ ટ્રાયલની વિગતો આપતા 'સીટ્રી પોર્ટલ'નો આજે શુભારંભ કરાવ્યો.**

→ આયુર્વેદની દવાઓ આધારીત કિલનીકલ ટ્રાયલની વિગતો દર્શાવતું પોર્ટલ – ભારતીય તબીબી સંશોધન પરિષદ (I.C.M.R.) અને કેન્દ્રીય આયુર્વેદિક વિજ્ઞાન સંશોધન પરિષદ (C.C.R.A.S.) દ્વારા તૈયાર કરાયું છે.

→ તેમણે C.C.R.A.S.ના AMAR, SAHI, ઈ–મેઘા અને R.M.I.S. – આ ચાર પોર્ટલનો પણ આજે આરંભ કરાવ્યો.

→ R.M.I.S એટલે કે ICMR ની મદદથી CCRS દ્વારા વિકસિત રિસર્ચ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ પોર્ટલ આયુર્વેદ આધારિત અભ્યાસ અને સંશોધનકારો માટે ખૂબ મદદરૂપ થશે. વિષય નિષ્ણાતોની સહાયતાથી, વિદ્યાર્થી / સંશોધનકાર નિઃશુલ્ક તેના અભ્યાસ અને સંશોધનમાં મહત્વપૂર્ણ સહાય મેળવી શકશે.

→ ઈ–મેઘા પોર્ટલમાં નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટરની સહાયથી, ઈ–ગ્રંથાલય પ્લેટફોર્મમાં સંગ્રહિત 12000 થી વધુ ભારતીય તબીબી હેરિટેજ હસ્તપ્રતો અને પુસ્તકોની સૂચિ ઓનલાઈન ઉપલબ્ધ થશે.

→ AMAR એટલે કે આયુષ મેન્યુસ્કીપટેડ એડવાન્સ રિપોઝિટરી પોર્ટલ અને ડિજિટલ ડેશબોર્ડ છે જેમાં આયુર્વેદ, યોગ, યુનાની, સિદ્ધ અને સોવ–રિગ્પાથી સંબંધિત હસ્તપ્રતોના દેશ અને વિશ્વ ખજાનાની માહિતી છે.

→ SAHI એટલે શોકેસ ઓફ આયુર્વેદિક હિસ્ટોરીકલ ઈમ્પ્રીન્ટ પોર્ટલ જેમાં પુરાતત્વીય વનસ્પતિશાસ્ત્રની માહિતી, શિલાલેખો અને ઉચ્ચ સ્તરીય પુરાતત્વીય અભ્યાસના શિલાલેખોની મદદથી, આયુર્વેદની ઐતિહાસિકતાના પુરાવા વિશ્વમાં જાહેર કરવામાં આવશે.

❖ **ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ ફોનપે ફિલપકાર્ટના પે–ઓન ડિલિવરી ઓર્ડર્સ માટે કોન્ટેકટલેસ 'સ્કેન એન્ડ પે' સુવિધા શરૂ કરવા માટે ફિલપકાર્ટ સાથે હાથ મેળવ્યો છે.**

→ PhonePe ના ડાયનેમિક કયુઆર કોડ સોલ્યુશન, ગ્રાહકોને ઉત્પાદનની ડિલિવરી દરમિયાન યુપીઆઈ એપ્લિકેશન્સ દ્વારા ડિજિટલી ચુકવણી કરવામાં સક્ષમ બનાવશે, જેમણે અગાઉ ડિલિવરી પર રોકડ આપવાનું પસંદ કર્યું હતું.

→ સુરક્ષા સુનિશ્ચિત કરતી વખતે આ સુવિધા વ્યકિતગત સંપર્કને ઘટાડવામાં મદદ કરશે.

→ આ એવા ગ્રાહકો માટે સંપર્ક વિનાની ચુકવણીને પ્રોત્સાહન આપશે જેઓ પરિવહન રૂપે કેશ ઓન ડિલીવરીથી આરામદાયક છે.

→ આ રોકડ આધારિત ચુકવણીઓના ડિજિટલાઈઝેશનથી ઈ–કોમર્સને મોટો પ્રોત્સાહન મળશે અને ડિજિટલ ભારતના મોટા લક્ષ્યમાં પણ ફાળો આપશે.

❖ **DRDO દ્વારા ડિઝાઈન અને વિકસિત 12 શોર્ટ સ્પેન બ્રિજિંગ સિસ્ટમ (SSBS) – 10 M નું પ્રથમ પ્રોડકશન લોટ દિલ્હી કેન્ટના કેરીઆપ્પા પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન શરૂ કરવામાં આવ્યું હતું.**

→ સૈનિકોની ઝડપી હિલચાલ સુનિશ્ચિત કરવા માટે SSBS – 10 M 4 m પહોળો સંપૂર્ણ રસ્તો પૂરો પાડે છે અને સ્પેનથી 9.5 મીટરના અંતરને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ડીઆરડીઓની પ્રીમિયર એન્જિનિયરિંગ લેબોરેટરી R and D એસ્ટાબ્લિશમેન્ટ, પુણે તથા મેસર્સ એલ એન્ડ ટી લિમિટેડના સહયોગથી આ સિસ્ટમની રચના અને વિકાસ કર્યો છે.

→ આ સિસ્ટમો, હવામાન અને વપરાશકર્તા પરીક્ષણોમાંથી પસાર થઈ છે અને તમામ પરીક્ષણોના સફળ સમાપ્તિ પછી સેવાઓમાં સમાવેશ કરવા માટે આ સિસ્ટમોની ભલામણ ડિરેકટોરેટ જનરલ ઓફ કવોલિટી એશ્યોરન્સ (DGQA) દ્વારા કરવામાં આવે છે.

→ આ બ્રિજિંગ સિસ્ટમો સાર્વત્રિક બ્રિજિંગ સિસ્ટમ્સ (75 એમ) સાથે સજ્જ છે જ્યાં અંતિમ ગાળામાં 9.5 એમકરતા ઓછી અંતર આવરી લેવી જરૂરી છે.

❖ **Department for Promotion of Industry and Internal Trade (DPIIT) એ ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ONDC) પર એક પ્રોજેકટ શરૂ કર્યો છે.**

→ ઓપન સોર્સ પદ્ધતિ પર વિકસિત ઓપન નેટવર્કર્સને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી ડિજિટલ કોમર્સ માટે ઓપન નેટવર્કર્સ પરના પ્રોજેકટની શરૂઆત કરવામાં આવી હતી.

→ આ પ્રોજેકટ વિકસાવવાનું કામ ભારતની કવોલિટી કાઉન્સિલને સોંપવામાં આવ્યું છે. આ ઉપરાંત, સરકારને ONDC ને અપનાવવા માટે કયા પગલા લેવા જરૂરી છે તેની સલાહ આપવા સલાહકાર સમિતિની રચના કરવામાં આવી છે.

❖ **ન્યુટ્રોન સ્ટાર અને બ્લેક હોલની ટક્કર દ્વારા ઉત્પન્ન થયેલ ગુરુત્વાકર્ષણ તરંગો વૈજ્ઞાનિકોએ પ્રથમ વખત શોધી કાઢયા છે.**

→ ગુરુત્વાકર્ષણ તરંગો space-time ના ફેબ્રિકમાં મળી આવ્યા છે. આ શોધ સૂચવે છે કે ન્યુટ્રોન સ્ટાર–બ્લેક હોલ સિસ્ટમ્સ છે. આ તારાની રચનાથી લઈને બ્રહ્માંડના વિસ્તરણ દર સુધીના બ્રહ્માંડને લગતા ઘણા પ્રશ્નોના જવાબ શોધવામાં મદદ કરશે.

❖ **કેન્દ્રીય મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી, ગિરિરાજસિંહે માછીમારો માટે ઓનલાઈન કોર્સ મોબાઈલ એપ્લિકેશન "મત્સ્ય સેતુ એપ" શરૂ કરી.**

→ મત્સ્ય સેતુ એપ્લિકેશનનું નિર્માણ ICAR-Central Institute of Freshwater Aquaculture (ICAR-CIFA), ભુવનેશ્વર દ્વારા કરવામાં આવ્યું છે.

→ નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડ(NFDB), હૈદરાબાદ દ્વારા આ માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી હતી.

→ આ એપ્લિકેશનમાં પ્રજાતિ મુજબની અથવા વિષય મુજબની સેલ્ફ લર્નિંગ ઓનલાઈન કોર્સ મોડયુલો શામેલ છે.

❖ **વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર (WWF) અને યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP) એ તાજેતરમાં "A future for all – the need for human-wildlife coexistence" (માનવ વન્યપ્રાણી સહઅસ્તિત્વ) શીર્ષકનો તેમનો અહેવાલ જાહેર કર્યો છે.**

→ આ અહેવાલ મુજબ, માનવ–પ્રાણીનો સંઘર્ષ એ વિશ્વની સૌથી પ્રમુખ પ્રજાતિઓના લાંબા ગાળાના અસ્તિત્વ માટેનો મુખ્ય ખતરો છે.

→ સંઘર્ષ–સંબંધિત મૃત્યુ વિશ્વની 75% જંગલી બિલાડીની જાતિઓને અસર કરે છે.

→ તે ધ્રુવીય રીંછ, ભૂમધ્ય મોન્ક સીલ અને હાથી જેવા મોટા શાકાહારીઓને પણ અસર કરે છે.

→ સંઘર્ષોને કારણે 1970 થી વૈશ્વિક વન્યપ્રાણી વસતીમાં 68% ઘટાડો થયો છે.

→ ભારતમાં,માનવ–હાથીના સંઘર્ષને પરિણામે 2014-2015 અને 2018-2019 દરમિયાન 500 હાથીઓ અને 2361 લોકોનાં મોત થયાં.

→ વિશ્વની બીજી સૌથી મોટી માનવ વસ્તી અને વાઘ, એશિયાઈ સિંહો, એશિયાઈ હાથીઓ, એક શીંગી ગેંડા વગેરેની મોટી, વસ્તી સાથે, ભારત માનવ–વન્યપ્રાણી સંઘર્ષથી સૌથી વધુ અસરગ્રસ્ત બનશે.

→ માનવ–પ્રાણીના સંઘર્ષને સંપૂર્ણપણે દૂર કરી શકાતો નથી. જો કે, તકરાર ઘટાડવા માટે એક સુઆયોજિત અને સંકલિત અભિગમ અપનાવી શકાય છે. તે મનુષ્ય અને પ્રાણીઓ વચ્ચે સહઅસ્તિત્વના પ્રકારનું એક મોડલ બનાવી શકાય છે.

❖ **યુએસ સ્પેસ એજન્સી નાસાની ICESat-2 ને તાજેતરમાં એન્ટાર્કટિક મેલ્ટવોટર લેકસ શોધી કાઢયું હતું.**

→ ગ્લેસિયરોલોજિસ્ટ હેલેન અમાન્દા ફ્રિકરે (Helen Amanda Fricker) 2007 માં એક આશ્ચર્યજનક શોધ કરી અને શોધી કાઢયું કે એન્ટાર્કટિક બરફના શેલ્ફની નીચે એકબીજા સાથે જોડાયેલા તળાવોનું છુપાયેલ નેટવર્ક છે. તેઓએ શોધી કાઢયું કે આ તળાવો સક્રિયપણે ભરાય છે અને વહન કરે છે. બરફની ચાદરો હેઠળ ઓગળેલા પાણીની હાજરી જણાતી હતી, પરંતુ સક્રિય પાણી પ્રણાલીઓના આવા નેટવર્કને નવી સફળતા મળી. તેઓએ નાસાના ICESat માંથી ડેટાનો ઉપયોગ કર્યો. આ ઉપગ્રહમાં બરફ, વાદળો અને જમીન માટે ઊંચાઈના ડેટાને માપવા માટે લેસર પલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

→ ICESat-2 એ ICESat નો અનુગામી છે. તેને નાસા દ્વારા 2018 માં લોન્ચ કરાયો હતો. આ નવો ઉપગ્રહ ચોકસાઈ સાથે ઊંચાઈનો ડેટા એકત્રિત કરી શકે છે.

❖ **DBT ઈન્સ્ટિટયૂટ ઓફ લાઈફ સાયન્સિસના વૈજ્ઞાનિકોએ પ્રથમ વખત નમક સ્ત્રવિત ટ્રુ–મેન્ગ્રુવ પ્રજાતિનો સંપૂર્ણ જીનોમ ડીકોડ નોંધયો છે.**

→ પ્રજાતિનું નામ એવિસેન્નીઆ મરિના છે. મેંગ્રોવ માર્શ એ જાતિઓનું એક અનોખુ જૂથ છે જે આંતર–ભરતી દળદળીય વિસ્તારોમાં જોવા મળે છે અને તેમના અનુકૂલન પદ્ધતિઓ દ્વારા ખારાશના ઉચ્ચ સ્તરથી સુરક્ષિત કરે છે.

❖ **11 જુલાઈ, 2021 ના રોજ એરોનોટિકલ એન્જિનિયર સિરીષા બંદલા અવકાશમાં જનાર ત્રીજી ભારતીય અમેરિકન મહિલા બની છે.**

→ યુ.એસ.ના ન્યૂ મેકિસકોથી વર્જિન ગેલેકટીકની પ્રથમ ક્રૂ સબઓર્બીટલ પરીક્ષણ ફલાઈટમાં તે બ્રિટીશ અબજપતિ રિચાર્ડ બ્રાન્સન સાથે જોડાયા.

→ અંતરિક્ષમાં ઉડતી કલ્પના ચાવલા અને સુનિતા વિલિયમ્સ પછી તે ભારતીય મૂળની ત્રીજી મહિલા બની છે.

❖ **IIT મંડીના વૈજ્ઞાનિકોએ બટાટાના પાકમાં પાંદડાઓની તસવીરોનો ઉપયોગ કરીને રોગની તપાસ માટે સ્વચાલિત સ્માર્ટફોન એપ્લિકેશન બનાવી છે.**

→ ડો. શ્રીકાંત શ્રીનિવાસન, સિમલાની સેન્ટ્રલ પોટેટો રિસર્ચ ઈન્સ્ટિટયૂટના સહયોગથી સંશોધનનું નેતૃત્વ કરી રહ્યા હતા.

→ એપ્લિકેશન ફાયટોફોથોરા ઈન્ફેસ્ટન્સથી સંક્રમિત બટાટાના પાંદડાના રોગગ્રસ્ત ભાગોને જણાવવા માટે AI તકનીકોનો ઉપયોગ કરે છે.


Banking Academy

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ - 2021

# બિન સચિવાલય ક્લાર્ક અને ઓફિસ આસીસ્ટન્ટ

અંદાજીત કુલ જગ્યાઓ **3043**

| | |
|---|---|
| Educational Qualification | 12th Pass or any Graduate |
| Age Limit | Age Limit : 18 થી 33 વર્ષ<br>સામાન્ય કેટેગરી મહિલાઃ (+5 વર્ષ)<br>અનામત કેટેગરી પુરુષો(SC/ST/OBC/EWS વગેરે): (+5 વર્ષ)<br>અનામત કેટેગરી મહિલા(SC/ST/OBC/EWS વગેરે): (+10 વર્ષ) |
| Online Form | Oct./Nov. - 2021 (સંભવીત) |
| Exam Date | ટૂંક સમયમાં જાહેર થશે |

Govt. Jobs

## ભાગ - 1 : લેખિત કસોટી - હેતુલક્ષી

ગુણ : 200 સમય : 2 કલાક

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| 1 | ગુજરાતનો ઈતિહાસ અને સંસ્કૃતિ | 25 |
| 2 | ગુજરાતી વ્યાકરણ | 25 |
| 3 | અંગ્રેજી વ્યાકરણ | 25 |
| 4 | ભારત અને ગુજરાતના વર્તમાન બનાવો, સામાન્ય વિજ્ઞાન, એપ્ટીટ્યુડ ક્વોન્ટીટેટિવ | 50 |
| 5 | કમ્પ્યૂટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કમ્પ્યૂટર થિયરી, એપેન્ડીક્ષ - G | 25 |
| 6 | જાહેર વહીવટ અને ભારતનું સંવિધાન | 50 |
| | | 200 |

## ભાગ - 2 : કમ્પ્યૂટર કાર્યક્ષમતા કસોટી

ગુણ : 100 સમય : 1 કલાક 30 મિનિટ

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| 1 | ગુજરાતી ટાઈપીંગ કસોટી | 20 |
| 2 | અંગ્રેજી ટાઈપીંગ કસોટી | 20 |
| 3 | કમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં<br>કમ્પ્યુટર પ્રેક્ટીકલ કસોટી, એપેન્ડીક્ષ - H | 60 |
| | કુલ... | 100 |

નોંધ : જાહેર વહીવટ, કમ્પ્યુટર, અંગ્રેજી, ગુજરાતી અને ગણિત તેમજ વર્તમાન પ્રવાહોને ખાસ પ્રાધાન્ય આપવામાં આવશે.

**નવા વર્ગો માટે આજે જ આપની નજીકની શાખાનો સંપર્ક કરો**

: વર્ગોનો સમય :

8 to 10 | 10 to 12 | 6 to 8

For Latest Vacancies & Updates Kindly visit @ **www.bankingacademy.co.in**

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)


Surat (Head Office) Ph. : 96629 00564

Varachha (Surat) Ph. : 70464 16555

Vyara Ph. : 90998 64658

Valsad Ph. : 81401 37555

Navsari Ph. : 70466 41555

Bharuch Ph. : 70962 37555

Ahmedabad Ph. : 70460 55566


Join our Telegram Channel @bankingacademygpscbank

Follow us on


Banking Academy

❖ **ભારતીય નૌકાદળને યુએસ સ્થિત એરોસ્પેસ કંપની બોઈંગ તરફથી 10 મું એન્ટિ–સબમરીન લડાઈ વિમાન P-8I મળ્યું.**

→ 8 P-8I વિમાનના કરાર પર સંરક્ષણ મંત્રાલયે 2009 માં હસ્તાક્ષર કર્યા હતા.

→ 2016 માં, મંત્રાલયે 4 વધારાના P-8I વિમાન માટે કરાર કર્યો હતો.

→ મેરીટાઈમ રિકોનિસન્સ અને એન્ટિ–સબમરીન યુદ્ધ ક્ષમતા ઉપરાંત, P-8I વિમાનને આપત્તિ રાહત અને માનવીય મિશન દરમિયાન સહાય માટે તૈનાત કરવામાં આવે છે.

→ P-8I એ પેટ્રોલિંગ વિમાન છે અને તે ભારતીય નૌકાદળના કાફલાનો એક અભિન્ન ભાગ છે. 2013માં સમાવેશ થયા બાદ વિમાન 30,000 ફ્લાઈટ કલાકોને પાર કરી ગયું છે. તે લાંબા અંતરનું મલ્ટિસેશન મેરીટાઈમ પેટ્રોલિંગ વિમાન છે. તે ભારતીય નૌકાદળના જૂના ટુપોલેવ TU-142 વિમાનને બદલવા માટે ખરીદવામાં આવ્યું હતું. P-8I, P-8A પોસાઈડન મલ્ટિ–મિશન મેરીટાઈમ એરક્રાફ્ટ (MMA) નો એક પ્રકાર છે અને યુ.એસ. નેવી દ્વારા સંચાલિત છે.

❖ **ઈસરોએ હ્યુમન રેટેડ GSLV MK II વાહનના કોર L110 પ્રવાહી તબક્કા માટે પ્રવાહી પ્રોપેલેન્ટ વિકાસ એન્જિનની ત્રીજી અને લાંબા ગાળાનું ગરમીમાં પરીક્ષણ સફળતાપૂર્વક હાથ ધરાયું.**

→ આ એન્જીન ગગનયાન પ્રોજેક્ટ માટેનો એક ભાગ છે.

→ 14 જુલાઈ, 2021 ના રોજ તમિલનાડુમાં ઈસરોના પ્રોપલ્શન કોમ્પ્લેક્સ (IPRC) ની એન્જિન પરીક્ષણ સુવિધામાં એન્જિન 240 સેકન્ડના સમયગાળા માટે ચલાવવામાં આવ્યું હતું.

## રમત–જગત, નિમણૂંક, વ્યકિત, પુસ્તક, નિધન

❖ **તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે તાજેતરમાં ભારતના 8 રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂક કરી હતી.**

| ક્રમ | રાજ્ય | નવા રાજ્યપાલ | કોની જગ્યાએ |
|---|---|---|---|
| 1 | કર્ણાટક | શ્રી થાવરચંદ ગેહલોત | શ્રી વજુભાઈ વાળા |
| 2 | મિઝોરમ | શ્રી હરિ બાબુ કમ્ભમપતિ | શ્રી પી.એસ. શ્રીધરન પિલ્લાઈ |
| 3 | મધ્યપ્રદેશ | શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ | શ્રીમતી આનંદીબેન પટેલ (વધારાના ચાર્જ હતો) |
| 4 | હિમાચલ પ્રદેશ | શ્રી રાજેન્દ્ર આર્લેકર | શ્રી બંડારુ દત્તાત્રેય |
| 5 | ગોવા | શ્રી પી.એસ.શ્રીધરન પિલ્લાઈ | શ્રી ભગતસિંહ કોશિયારી (વધારાનો ચાર્જ હતો) |
| 6 | ત્રિપુરા | શ્રી સત્યદેવ નારાયણ આર્ય | શ્રી રમેશ બૈસ |
| 7 | ઝારખંડ | શ્રી રમેશ બૈસ | શ્રીમતી દ્રોપદી મુર્મુ |
| 8 | હરિયાણા | શ્રી બાંડારુ દત્તાત્રેય | શ્રી સત્યદેવ નારાયણ આર્ય |

❖ **તાજેતરમાં હિન્દી સિનેમા જગતના દિગ્ગજ અભિનેતા અને પ્રથમ સુપર સ્ટાર શ્રી દિલીપ કુમારનું 98 વર્ષની વયે મુંબઈ ખાતે નિધન થયું છે.**

→ તેમનો જન્મ 11 ડિસેમ્બર, 1922ના રોજ પેશાવર (હાલ પાકિસ્તાન) ખાતે થયો હતો. તેમનું બાળપણનું નામ 'શ્રી મુહમ્મદ યુસુફ ખાન' હતું.

→ વર્ષ 1930માં તેમનો પરિવાર મુંબઈ સ્થાયી થયો હતો. શ્રી દિલીપ કુમારે તેમની કારકીર્દિની શરૂઆત વર્ષ 1944માં આવેલી ફિલ્મ 'જવર ભાટા'થી કરી હતી. તેમની પ્રથમ હિટ ફિલ્મ 'જુગ્નુ' હતી. આ ફિલ્મ વર્ષ 1947માં રિલિઝ થઈ હતી.

→ દીદાર અને દેવદાસ જેવી ફિલ્મોમાં તેમની ગંભીર અથવા દુ:ખદ ભૂમિકાના કારણે તેઓ ટ્રેજેડી કિંગ તરીકે જાણીતા થયા હતા. તેમણે 'મુગલ–એ–આઝામ' ફિલ્મમાં મોગલ રાજકુમાર જહાંગીરની ભૂમિકા ભજવી હતી. વર્ષ 2000માં તેઓ રાજ્યસભાના સભ્ય બન્યા હતા. (મહારાષ્ટ્ર રાજ્યસભાની બેઠકમાંથી) વર્ષ 1998માં રિલીઝ થયેલી ફિલ્મ 'કિલા' તેમની છેલ્લી ફિલ્મ હતી.

→ શ્રી દિલીપ કુમારને બેસ્ટ એકટર તરીકે 8 ફિલ્મફેર એવોર્ડ્સ મળ્યા હતા. વર્ષ 1993માં દિલીપ કુમારને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વર્ષ 1994માં તેમને ભારતીય ફિલ્મનો સર્વોચ્ચ એવોર્ડ 'દાદાસાહેબ ફાળકે' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વર્ષ 1998માં તેમણે પાકિસ્તાન સરકાર દ્વારા 'નિશાન–એ–પાક' (નિશાન–એ–ઈમ્તિયાઝ) એવોર્ડ મળ્યો હતો. આ ઉપરાંત તેમને પદ્મભૂષણ એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

❖ **તાજેતરમાં હિમાચલ પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વીરભદ્રસિંહનું 87 વર્ષની વયે નિધન થયું છે.**

→ તેમના સન્માનમાં હિમાચલ પ્રદેશ સરકારે ત્રણ દિવસનું રાજકીય શોક જાહેર કર્યો છે. શ્રી વીરભદ્રસિંહ બુશહર રાજ પરિવાર સાથે સંબંધિત છે તેઓ 'રાજા સાહેબ'ના લોકપ્રીય નામથી ઓળખાતા હતા. તેમનો જન્મ 23 જૂન, 1934ના રોજ શિમલા જિલ્લાના સરાહન ખાતે થયો હતો. શ્રી વીરભદ્રસિંહ છ વખત હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી તરીકે ચૂંટાયા હતા.

❖ **ટ્વિટર ઈન્ડિયાએ ભારતમાં નવા IT નિયમોનું પાલન કરવા માટે વચગાળાના ચીફ કમ્પ્લાયન્સ ઓફિસરની નિમણૂક કરી છે.**

→ આ ઉપરાંત Twitter નવા IT નિયમો અનુસાર વધુ અધિકારીઓને નોમિનેટ કરશે. તાજેતરમાં કોર્ટ ફાઈલિંગમાં કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે Twitter નવા આઈ.ટી. નિયમોનું પાલન કરી રહ્યું નથી. કોર્ટ ફાઈલિંગમાં એ પણ કહેવામાં આવ્યું હતું કે Twitter એ નવા અધિકારીઓની નિમણૂક કરવાની જરૂર છે. આ ઉપરાંત દિલ્હી હાઈકોર્ટ એ પણ જણાવ્યું હતું કે જો ટ્વિટરે આઈ.ટી. નિયમોનું ઉલ્લઘન કર્યુ હોય તો સરકાર તેની સામે પગલાં લેવા મુકત છે.

❖ **ભારતીય મૂળના 12 વર્ષીય શ્રી અભિમન્યુ મિશ્રા તાજેતરમાં ચેસના સૌથી યુવા ગ્રાન્ડમાસ્ટર બન્યા છે.**

→ શ્રી અભિમન્યુ મિશ્રાએ 12 વર્ષ 4 મહિના અને 25 દિવસની ઉંમરે આ સિદ્ધિ મેળવી છે. તેમણે આ ખિતાબ 15 વર્ષિય ભારતીય ગ્રાન્ડમાસ્ટર શ્રી લિયોન લ્યુક મેન્ડોન્કાને હરાવીને જીત્યો છે.

- **ગુજરાતી ફિલ્મોના જાણીતા અભિનેતા શ્રી અરવિંદ રાઠોડનું 1 જુલાઈના રોજ 80 વર્ષની વયે નિધન થયું છે.**
  - → તેઓ ફોટો–જર્નાલિસ્ટમાંથી એકટર બન્યા હતા તેમણે ગુજરાતી તથા હિન્દી બંને ફિલ્મમાં કામ કર્યું છે. તેઓ ગુજરાતી સિનેમામાં મુખ્યત્વે વિલનનો રોલ કરતા હતા.
  - → શ્રી અરવિંદ રાઠોડે તેની કારકિર્દીમાં 100 થી વધુ ફિલ્મ અને નાટકમાં કામ કર્યું હતું.
  - → શ્રી અરવિંદ રાઠોડે ટીવી સિરિયલ 'થોડી ખુશી થોડે ગમ'માં પણ કામ કર્યું હતું. છેલ્લે તેઓ 2018માં ગુજરાતી ફિલ્મ 'ટેન્શન થઈ ગયું'માં જોવા મળ્યા હતા.
- **ગુજરાત રાજ્યની ઈતિહાસમાં પ્રથમવાર રાજ્યના 6 ખેલાડીઓ આગામી ઓલિમ્પિક રમતોમાં ભારત દેશનું પ્રતિનિધિત્વ કરશે.**
  - → જેમાં સુશ્રી માના પટેલ (સ્વમિંગમાં), સુશ્રી એલાવેનિલ વાલરિવન (શૂટિંગમાં), સુશ્રી અંકિતા રૈના (ટેનિસમાં), સુશ્રી સોનલ પટેલ તથા સુશ્રી ભાવિના પટેલ (પેરાટેબલ ટેનિસ) અને સુશ્રી પારુલ પરમાર (પેરા બેડમિન્ટન) રમતામાં ટોકયો ઓલિમ્પિક–પેરા ઓલિમ્પિક ખાતે વિશ્વના અન્ય દેશના ખેલાડીઓ સાથે સ્પર્ધામાં ઉતરશે.
- **ભારતની સુશ્રી દીપિકા કુમારીએ પેરિસમાં આયોજિત તીરંદાજી વિશ્વકપના ત્રીજા તબક્કામાં એક જ દિવસે ગોલ્ડ મેડલ જીત્યા હતા.**
  - → તેમણે વ્યકિતગત રિકરવ ઈવેન્ટ, મિશ્ર રિકરવ ઈવેન્ટ અને મહિલાઓની રિકરવ ટીમમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. મિશ્ર રિકર્વ ટીમ ઈવેન્ટમાં તેમણે તેમના પતિ શ્રી અતનુ દાસ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ સાથે ભારતના નામે ચાર ગોલ્ડ મેડલ થયા છે. સુશ્રી દીપિકા કુમારીનો જન્મ 13 જૂન, 1994માં ઝારખંડના રાંચીમાં થયો હતો. તેઓ ભારતના પ્રસિદ્ધ તીરંદાજીમાંના એક છે.
- **તાજેતરમાં કેન્દ્ર સરકારે નીતિ આયોગના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) અમિતાભ કાંતનો કાર્યકાળમાં એક વર્ષનો વધારો કર્યો છે. તેમનો કાર્યકાળ હવે જૂન 2022 માં સમાપ્ત થશે.**
  - → તેઓ કેરળ કેડરના 1980 બેચના નિવૃત્ત આઈએએસ અધિકારી છે.
- **ભારતીય માહિતી સેવાના 1988 બેચના ISS અધિકારી વેણુધર રેડ્ડીએ ઓલ ઈન્ડિયા રેડિયોના ડાયરેકટર જનરલ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે.**
  - → હાલમાં તેઓ અખિલ ભારતીય રેડિયોના ન્યૂઝ સર્વિસીઝ વિભાગના મુખ્ય નિયામક તરીકે કાર્યરત છે.
- **અદિતિ અશોક ટોકયો ઓલિમ્પિકમાં કવોલિફાઈ થનારી પ્રથમ ભારતીય મહિલા ગોલ્ફર બની છે.**
  - → તેણીએ 45મા સ્થાને કવોલિફાય કરી હતી અને હવે તે બીજી ઓલિમ્પિકસમાં રમશે.
- **ભારતના ચીફ જસ્ટિસ એન.વી.રમણા, સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ (નિવૃત્ત) આર.વી.રવેન્દ્રન દ્વારા પુસ્તક "અનોમ્લીસ ઈન લોએન્ડ જસ્ટીસ"નું વિમોચન કર્યું.**
  - → આ પુસ્તક કાયદાની વિવિધ ખામીઓને સરળ શબ્દમાં સમજાવે છે.
- **તાજેતરમાં માના પટેલ ભારતની પહેલી મહિલા અને ટોકયો ઓલિમ્પિક 2021 માં કવોલિફાઈ થનારી ત્રીજી તરણવીર બની છે.**
  - → માના પટેલ ઓલિમ્પિકસ ઉપરાંત શ્રીહરિ નટરાજ અને સાજન પ્રકાશ પણ ઓલિમ્પિકસ માટે કવોલિફાય થયા છે.
  - → તે અમદાવાદની 21 વર્ષીય બેકસ્ટ્રોક તરણવીર છે જેણે નેશનલ ગેમ્સમાં 50 મીટર બેકસ્ટ્રોક અને 200 મીટર બેકસ્ટ્રોકમાં ગોલ્ડ મેડલ જીત્યા છે.
- **રમત મંત્રાલયે ભારતમાં રમતને પ્રોત્સાહન આપવા અને વિકસાવવા માટે WAKO ઈન્ડિયા કિકબોકિસંગ ફેડરેશનને નેશનલ સ્પોર્ટસ ફેડરેશન (NSF) તરીકે માન્યતા આપવાનો નિર્ણય લીધો છે.**
  - → વાકો ઈન્ડિયા કિકબોકિસંગ ફેડરેશન World Association of Kickboxing Organizations (WAKO) સાથે જોડાયેલું છે, જે કિકબોકિસંગ માટેની વિશ્વ સંસ્થા છે.
  - → 30 નવેમ્બર, 2020 થી વાકો આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC)ના અસ્થાયી રૂપે માન્ય સભ્ય છે.
- **વિરાટ કોહલી, હુપર ઈન્સ્ટાગ્રામ રિચ લિસ્ટ 2021 માં સર્વોચ્ચ ક્રમાંકિત ભારતીય છે, જેને ફોટો–શેરિંગ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરના દરેક પ્રમોશનલ પોસ્ટ માટે 6,80,000 ડોલર (5 કરોડથી વધુ) પ્રાપ્ત થાય છે.**
  - → હાલમાં તેના ઈન્સ્ટાગ્રામ પર 125 મિલિયનથી વધુ ફોલોઅર્સ છે અને તેની સંપત્તિ 60 કરોડ ડોલર છે. આ યાદીમાં બીજા એકમાત્ર ભારતીય પ્રિયંકા ચોપરા જોનાસ છે, જે 27 મા ક્રમે છે.
- **તાજેતરમાં મિતાલીએ મહિલા ક્રિકેટમાં સૌથી વધુ રન કરનારી ખેલાડી બની છે અને તેમણે કેપ્ટન તરીકે નોંધાવ્યો અનોખો રેકોર્ડ.**
  - → મિતાલીએ કેપ્ટન ઈનિંગ રમીને ઈંગ્લેન્ડ સામે ત્રીજી વનડે જીતાડીને ભારત માટે અનોખો રેકોર્ડ બનાવ્યો છે. મિતાલી હવે દુનિયામાં સૌથી વધુ વન ડે મેચ જીતનારી મહિલા સુકાની બની ગઈ છે.
  - → તેણે ઓસ્ટ્રેલિયાની સુકાની બેલિંડા કલાર્કનો રેકોર્ડ તોડી કાઢયો છે. કલાર્કે વનડેમાં 83 વિજય નોંધાવ્યા છે. તાજેતરના વિજય સાથે મિતાલી રાજે 84મી મેચમાં ભારતને વિજય અપાવ્યો છે. આ ઉપરાંત તે 87 વખત મહિલા ક્રિકેટમાં 50 રનથી વધુનો અંગત સ્કોર નોંધાવ્યો છે.
  - → મહિલા ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પણ આવો રેકોર્ડ નોંધાવનાર તે એકમાત્ર ખેલાડી છે. તેમણે 8 સદી અને 58 અડધી સદી નોંધાવી છે.
  - → વન–ડેમાં સૌથી વધુ રન મામલે બીજી અને ભારતીય સુકાની ખેલાડી તરીકે પહેલી મિતાલી રાજે વનડે ક્રિકેટમાં અત્યાર સુધીમાં 7304 રન નોંધાવ્યા છે.
- **વિશ્વના સૌથી ધનિક વ્યકિત, જેફ બેઝોસે 5 જુલાઈ 2021 ના રોજ એમેઝોનના સીઈઓ પદ છોડયું.**
  - → તેમની જગ્યાએ હવે એન્ડી જેસી એમેઝોનના નવા સીઈઓ રહેશે.
- **BCCI એ રાજસ્થાન ક્રિકેટ એસોસિએશન (RCA) ને જયપુરમાં ભારતનું બીજું સૌથી મોટું સ્ટેડિયમ બનાવવા માટે 100 કરોડની આર્થિક ગ્રાન્ટ આપી છે.**


Banking Academy

- **તાજેતરમાં ટોચના પેરા હાઈ જમ્પર મરિયપ્પન થાંગાવેલુને 24 ઓગષ્ટ, 2021 થી ટોકયો પેરાલિમ્પિકસમાં ભારતીય ટુકડીનો ધ્વજ ધારણ કરનાર બનાવવામાં આવ્યા છે.**
  - → તેમને 2020 માં દેશનો સર્વોચ્ચ રમત ગમત એવોર્ડ ખેલ રત્નથી નવાજવામાં આવ્યા હતા.
- **બોકસર એમ.સી. મેરી કોમ ટોકયો ઓલિમ્પિકના ઉદ્‌ઘાટન સમારોહમાં અને પુરુષ હોકી ટીમના કેપ્ટન મનપ્રીત સિંહ ધ્વજવાહક રહેશે.**
  - → 8 ઓગષ્ટ, 2021 ના રોજ સમાપન સમારોહમાં કુસ્તીબાજ બજરંગ પુનિયા ધ્વજવાહક હશે.
  - → "લિંગ સમાનતા" સુનિશ્ચિત કરવા માટે આગામી ટોકયો રમતોત્સવમાં પ્રથમ વખત ભારત પાસે બે ધ્વજવાહક છે, એક પુરુષ અને એક સ્ત્રી.
- **14 માં દલાઈ લામા, તેનઝિન ગ્યાત્સો, નો 86 મો જન્મદિવસ 06 જુલાઈ, 2021 ના રોજ યોજાયો હતો.**
  - → દલાઈ લામાનો જન્મદિવસ તિબેટી સમુદાયના એક ભવ્ય પ્રસંગ તરીકે ઉજવવામાં આવે છે.
  - → દલાઈ લામાને તિબેટીયન બૌદ્ધ ધર્મમાં સૌથી મહત્વપૂર્ણ ધાર્મિક નેતા માનવામાં આવે છે. તિબેટી બૌદ્ધ ધર્મ માને છે કે દલાઈ લામા કરુણાના બુદ્ધનું અભિવ્યકિત છે, જેમણે માનવતાની સેવા કરવા માટે પુનર્જન્મની પસંદગી કરી છે.
  - → લામા, એક બૌદ્ધ પદવી, જેનો અર્થ 'શ્રેષ્ઠ' છે, તે સત્તાવાર રીતે ફકત કેટલાક પસંદ કરેલા તિબેટીયન બૌદ્ધ સાધુઓને આપવામાં આવે છે જેમણે આધ્યાત્મિકતાનો ઉચ્ચતમ સ્તર પ્રાપ્ત કર્યો છે.
- **કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીને 'ખાદી નેચરલ પેઈન્ટ્સ' ના 'બ્રાન્ડ એમ્બેસેડર' તરીકે જાહેર કરવામાં આવ્યા છે.**
  - → આ સાથે, કેન્દ્રીય મંત્રીએ જયપુર સ્થિત ખાદી નેચરલ પેઈન્ટના નવા સ્વચાલિત મેન્યુફેકચરિંગ યુનિટનું વર્ચ્યુઅલ રીતે ઉદ્‌ઘાટન પણ કર્યુ હતું.
  - → ખાદી અને ગ્રામ ઉદ્યોગ કમિશન (કેઆઈસી) દ્વારા વિકસિત 'ખાદી નેચરલ પેઈન્ટ' જાન્યુઆરી, 2021 માં શરૂ કરવામાં આવી હતી.
  - → ઈકો ફ્રેન્ડલી અને બિન–ઝેરી રંગોથી બનાવેલ, 'ખાદી નેચરલ પેઈન્ટ'માં એન્ટી–ફંગલ અને એન્ટી બેકટેરિયલ ગુણધર્મો છે. આ ગોબર આધારિત પેઈન્ટ અસરકારક અને ગંધહીન છે અને બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) દ્વારા પણ પ્રમાણિત છે.
- **ટોકયો ઓલિમ્પિકસ માટે 4 × 400 મીટરની મિશ્રિત રિલે ટીમમાં ભાગ લેવા તમિળનાડુની રેવતી વી. ની પસંદગી કરવામાં આવી છે.**
  - → તે છેલ્લા કેટલાક સમયથી ભારતીય રાષ્ટ્રીય શિબિરનો ભાગ રહી છે અને હાલમાં રેલ્વેમાં કાર્યરત છે.
- **અનિર્બન લાહિરી પછી, ઉદયન માને ટોકયો ઓલિમ્પિકસમાં કવોલિફાઈ થનારો બીજો ભારતીય પુરુષ ગોલ્ફર બન્યો છે.**
  - → હાલ તે વિશ્વનો બીજા નંબર પર રહેવાવાળો ભારતીય છે.
- **આયુર્વેદને લોકપ્રિય બનાવનારા ડો.પી.કે. વોરિયરનું જુલાઈ 2021 માં નિધન થયું.**
  - → વર્ષ 2010માં પદ્મ ભૂષણ અને 1999 માં પદ્મશ્રી દેશના ત્રીજા અને ચોથા સર્વોચ્ચ નાગરિક પુરસ્કારો મેળવનાર વોરિયર એક સ્વાતંત્ર્ય સેનાની પણ હતા.
  - → વોરિયર આયુર્વેદની દવાઓના પેકેજિંગને આધુનિક બનાવવા માટેનું એક મહત્વનું ભૂમિકા નિભાવી હતી, જે અગાઉ કાશાયમ અને ચુરન્મના રૂપમાં ઉપલબ્ધ હતી.
- **11 જુલાઈ, 2021 ના રોજ ઈંગ્લેન્ડ સામેની જીત બાદ ઈટાલી 'યુરો કપ 2020'નું ચેમ્પિયન બન્યું.**
  - → વેમ્બલીમાં અતિરિકત સમય બાદ યુરો 2020 ની ફાઈનલ 1-1 થી પૂર્ણ થયા બાદ ઈટાલીએ પેનલ્ટી પર ઈંગ્લેન્ડને 3-2 થી હરાવ્યું હતું.
- **વિશ્વના પ્રથમ ક્રમાંકિત નોવાક જોકોવિચે ઈટાલીના મેટ્ટીઓ બેરેટિનીને હરાવીને પોતાનું છઠ્ઠું વિમ્બલ્ડન ટેનિસનો ખિતાબ જીત્યું છે.**
  - → મહિલા સિંગલ્સની કેટેગરીમાં ઓસ્ટ્રેલિયાની એશ્લે બાર્ટી પહેલીવાર વિમ્બલ્ડનનો ખિતાબ જીત્યા છે.
  - → મિકસ ડબલ્સનો ખિતાબ બ્રિટનની નીલ સ્કુપસકી અને અમેરિકાની ડિઝાયર ક્રેવઝિક જીત્યો.
  - → બેલ્જિયમની એલિસ મર્ટેન્સ અને તાઈવાનની સુસિહ સુ–વેઈએ મહિલા ડબલ્સનો ખિતાબ જીત્યો છે.
  - → ક્રોએશિયન જોડી નિકોલા મેકટીક અને મેટ પેવિકે પુરુષોની ડબલ્સની ફાઈનલમાં જીત મેળવી હતી.
- **દેશના જાણીતા ક્રિકેટ ખેલાડી યશપાલ શર્માનું હૃદયરોગના હુમલાને કારણે દિલ્હીમાં અવસાન થયું.**
  - → તેઓ વર્ષ 1983માં વિશ્વકપ જીતનારી ભારતીય ક્રિકેટ ટીમમાં સભ્ય હતા.
- **દિપક કાબરા ટોકયો ઓલિમ્પિક રમતોત્સવમાં જિમ્નેસ્ટિકસ ઈવેન્ટને ન્યાય આપવા માટે પસંદ થયેલ પ્રથમ ભારતીય બન્યા છે.**
  - → કાબરા ટોકયો ગેમ્સમાં પુરુષોની કલાત્મક જિમ્નેસ્ટિકસમાં અમ્પાયરિંગ કરતા જોવા મળશે.
- **બેડમિંટન વર્લ્ડ ફેડરેશન (BWF) એ પુષ્ટિ આપી છે કે ભારતને 2026 માં BWF વર્લ્ડ ચેમ્પિયનશિપના હોસ્ટિંગ રાઈટ્સ એનાયત કરવામાં આવ્યા છે.**
  - → સુઝહુ, ચીન, BWF સુદિમન કપ ફાઈનલ 2023માં આયોજન કરશે.
  - → સુઝહુ 2021માં ચેમ્પિયનશીપનું આયોજન કરશે, પરંતુ BWF 2021 માં ચાઈનામાં કોઈ ટુર્નામેન્ટ યોજવામાં અસમર્થ હોવાને કારણે આ ઈવેન્ટ ફિનલેન્ડના વાંટામાં ખસેડવામાં આવી હતી.
- **વેસ્ટ ઈન્ડિઝના ખેલાડી ક્રિસ ગેલ ટી–20 માં 14,000 રનનો આંકડો પાર કરનાર પ્રથમ બેટ્સમેન બન્યો છે.**
  - → વેસ્ટ ઈન્ડિઝ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સેન્ટ લ્યુસિયામાં ત્રીજી ટી–20 મેચ દરમિયાન તેણે આ સિદ્ધિ હાંસલ કરી હતી.
  - → ગેલે 38 બોલમાં 67 રન બનાવ્યા અને ટી–20 ક્રિકેટમાં 14,000 રનનો આંકડો પાર કરનારો પહેલો ક્રિકેટર બન્યો.
- **તાજેતરમાં પુષ્કરસિંહ ધામીએ ઉત્તરાખંડના 11 મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.**
  - → રાજ્યપાલ બેબી રાણી મૌર્યાએ તેમને દહેરાદૂનના રાજભવનમાં પદના શપથ લેવડાવ્યા.

→ 45 વર્ષીય પુષ્કર સિંહ ધામી ખટિમા વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય છે. સાંસદ તીરથસિંહ રાવત પછી તે ઉત્તરાખંડના સૌથી યુવા મુખ્યમંત્રી બન્યા છે. તીરથસિંહ રાવતે પેટા–ચૂંટણીઓની અનિશ્ચિતતાને કારણે રાજીનામું આપ્યું હતું.

## એવોર્ડ, પુરસ્કાર

❖ **ભારતીય અર્થશાસ્ત્રી કૌશિક બાસુને અર્થશાસ્ત્ર માટે હમ્બોલ્ટ રિસર્ચ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.**

→ જર્મનીના હેમ્બર્ગની બુસેરિયસ લો સ્કૂલના પ્રોફેસર ડો.હંસ–બર્ન્ડ શાયફર દ્વારા તેમને એવોર્ડ એનાયત કરાયો હતો.

❖ **કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલ તથા માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે OCO Global દ્વારા ‘ઈન્વેસ્ટ ઈન્ડિયા’ને ‘મોસ્ટ ઈનોવેટિવ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સી 2021’ એવોર્ડ એનાયત કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.**

→ ઈન્વેસ્ટ ઈન્ડિયાએ ભારતની રાષ્ટ્રીય રોકાણ પ્રમોશન અને સુવિધા એજન્સી છે. તેમની સ્થાપના વર્ષ 2009માં ઉદ્યોગ અને આંતરિક પ્રમોશન વિભાગના બિન–લાભાકરી એન્ટરપ્રાઈઝ તરીકે કરવામાં આવી હતી. ઈન્વેસ્ટ ઈન્ડિયાએ રોકાણ પ્રમોશન એજન્સી અને બહુલક્ષીય સંસ્થાઓ સાથે ભાગીદારી કરી છે.

❖ **તાજેતરમાં ઉડિયા કવિ શ્રી ડો. રાજેન્દ્ર કિશોર પાંડાને ‘કવેમ્પ પુરસ્કાર–2020’ એનાયત કરાયો છે. તેઓ ઓડિશાના પ્રખ્યાત કવિ અને નવલકથાકાર છે.**

→ આ પુરસ્કાર મહાન કન્નડ કવિશ્રી કુવેમ્પુની યાદમાં આપવામાં આવે છે. જે રાષ્ટ્રીય પુરસ્કાર છે.

→ ભારતીય બંધારણ દ્વારા માન્યતાવાળી 22 ભાષાના સાહિત્યમાં નોંધપાત્ર યોગદાન આપનાર લેખકને આ એવોર્ડ વાર્ષિક ધોરણે આપવામાં આવે છે.

→ આ એવોર્ડ અંતર્ગત વિજેતાઓને 5 લાખ રૂપિયાનું ઈનામ, સિલ્વર મેડલ અને પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે. આ એવોર્ડ સામાન્ય રીતે 29 ડિસેમ્બરના રોજ આપવામાં આવે છે. પરંતુ કોવિડ–19 મહામારીના કારણે વિલંબ થયો હતો.

❖ **ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ 2018ના સાહિત્યના પારિતોષિકોમાં વિનોદ જોશીના પ્રબંધકાવ્ય સૈરન્ધ્રી’ને શ્રેષ્ઠ કવિતા માટેનું પ્રથમ અને નિર્વિવાદ’ને શ્રેષ્ઠ વિવેચનગ્રંથનું પ્રથમ એમ બે પારિતોષિક જાહેર કરાયા છે.**

→ 2018માં વિનોદ જોશીને ગુજરાતી કવિતાનો સર્વોચ્ચ ગણાતો નરસિંહ મહેતા પુરસ્કાર અર્પણ થયો ત્યારે મોરારિબાપુના હસ્તે પ્રબંધકાવ્ય સૈરન્ધ્રી’નું લોકાર્પણ થયું હતું.

→ આ પૂર્વે 2015માં ગુજરાત સાહિત્ય અકાદમીએ વિનોદ જોશીને સાહિત્ય ગૌરવ પુરસ્કારથી પણ સન્માનિત કરેલા છે.

## મહત્વના દિવસો

- **1 જુલાઈ, 2021 : રાષ્ટ્રીય ડોકટર દિવસ, વસ્તુ અને સેવા કર દિવસ (GST દિવસ)**
- **1 જુલાઈ, 2021 : રાષ્ટ્રીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ડે**
- **1 જુલાઈ, 2021 : રાષ્ટ્રીય પોસ્ટલ કામદાર દિવસ**
- **2 જુલાઈ, 2021 : વિશ્વ યુએફઓ દિવસ (Unidentified Flying Object)**
- **3 જુલાઈ, 2021 : આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ**
  – દર વર્ષે જુલાઈના પહેલા શનિવારે આંતરરાષ્ટ્રીય સહકારી દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- **6 જુલાઈ, 2021 : વિશ્વ ઝૂનોસિસ દિવસ**
- **10 જુલાઈ, 2021 : રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસ**
- **11 જુલાઈ, 2021 : વિશ્વ વસ્તી દિવસ**
- **12 જુલાઈ, 2021 : મલાલા ડે**
- **અષાઢી બિજ : કચ્છી નવું વર્ષ**
- **15 જુલાઈ, 2021 : વિશ્વ યુવા કૌશલ્ય દિવસ**